# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૦૩ જાન્યુઆરી ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ સાતમ | અંક : ૧૫૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ન્યૂઝ બ્રિફ

### આપના ધારાસભ્ય અમાનતુલ્લા ખાનના ૪-૫ ઠેકાણા પર ઈડીનું સર્ચ

। નવી દિલ્હી, તા.૨ ।

ઈડીએ આ આપ ધારાસભ્ય અમાનતુલ્લા ખાન વિરુદ્ધ મની લોન્ડરિંગ તપાસ હેઠળ દિલ્હીમાં ચારથી પાંચ ઠેકાણા પર સર્ચ હાથ ધર્યું હતું. આપધારાસભ્ય વિરુદ્ધ ઈડીની આ કાર્યવાહી દિલ્હી વક્ફ બોર્ડમાં કર્મચારીઓની ભરતીમાં કથિત અનિયમિતતા સાથે સબંધિત મામલે કરવામાં આવી છે. મની લોન્ડરિંગ મામલે આપધારાસભ્યના ચાર-પાંચ ઠેકાણા પર દરોડા પાડવામાં આવ્યા છે. આ અગાઉ ઓક્ટોબર મહિનામાં પણ ઈડીએ આપ ધારાસભ્યના પરિસરમાં દરોડા પાડ્યા હતા. આ મામલે અમાનતુલ્લા ખાનના ત્રણ કથિત સહયોગીઓની પણ ઈડીદ્વારા નવેમ્બર મહિનામાં ધરપકડ કરવામાં આવી હતી. તપાસ એજન્સીએ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય પર આરોપ લગાવ્યો છે કે, અમાનતુલ્લા ખાને દિલ્હી વક્ફ બોર્ડમાં કર્મચારીઓની ગેરકાયદેસર ભરતીમાંથી નાણાં એકત્ર કરવાનો અને તેના સહયોગીઓના નામ પર સંપત્તિ ખરીદવા માટે રોકાણ કર્યું હતું.

### દેશભરમાં કોરોનાના ડબલ એટેકથી રાજ્ય સરકારો ચિંતિત

# ગુજરાત સહિત ૧૦ રાજ્યોમાં જેએન.૧ના કુલ ૨૬૩ કેસ, ૨૪ કલાકમાં કોરોનાના ૫૭૩ કેસ

## જેએન.૧ ઓમિક્રોનું સબ-વેરિયન્ટ છે, જે મજબૂત ઈમ્યૂનિટી ધરાવતા લોકોને પણ સરળતાથી સંક્રમિત કરી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દેશભરમાં કોરોનાના ડબલ એટેકથી રાજ્ય સરકારો ચિંતિત બની છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ) પણ કોરોના અને કોરોનાના સબ વેરિયન્ટ જેએન.૧ના વધતા કેસો પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે, ત્યારે દેશમાં કોરોનાવાયરસની સાથે સાથે નવા વેરિયન્ટ કેસોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધીમાં ૧૦ રાજ્યોમાં કોરોનાના સબ વેરિયન્ટ જેએન.૧ના ૨૬૩ કેસો સામે આવ્યા છે. નવા વેરિયન્ટના સૌથી વધુ કેરળમાં ૧૩૩ કેસ નોંધાયા છે, ત્યારબાદ ગોવા અને ગુજરાતમાં પણ કેસો વધ્યા છે. ઉપરાંત કોરોનાના કેસોમાં પણ વધારો થયો છે.ઈંસાકોગના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં નવા વેરિયન્ટના કેસોનો પગપેસારો થયો છે. સૌથી વધુ કેરળમાં ૧૪૪, ગોવામાં ૫૧, ગુજરાતમાં ૩૪, દિલ્હીમાં ૧૬, કર્ણાટકમાં ૮, મહારાષ્ટ્રમાં ૯, રાજસ્થાનમાં ૫, તમિલનાડુમાં ૪, તેલંગણામાં ૨ અને ઓડિશામાં એક કેસ સામે આવ્યો છે. અહેવાલ મુજબ ડિસેમ્બરમાં નવા વેરિયન્ટના ૧૭૯ કેસો અને નવેમ્બરમાં ૨૪ કેસ સામે આવ્યા હતા.ઉલ્લેખનિય છે કે, આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા ડેટા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ ના વધુ ૫૭૩ કેસ નોંધાયા છે.



### હાલ માસ્કને ફરજીયાત કરવાની કોઈ જરૂરિયાત નથી

નવા વેરિયન્ટમાં ચોંકાવનારી બાબત સામે આવી છે કે, સ્વસ્થ થવા છતાં દર્દીમાં લક્ષણો યથાવત્ રહે છે, જેમાં માથું દુઃખું, થાક લાગવો, શ્વાસની સમસ્યા સામેલ છે. ડોક્ટરોનું કહેવું છે કે, ઓછામાં ઓછા ૪થી ૬ અઠવાડિયા બાદ દર્દી આ લક્ષણોમાંથી બહાર આવે છે. અગાઉ પબ્લિક હેલ્થ ડાયરેક્ટરની સલાહે આપી હતી કે, લગ્ન પ્રસંગે, ટ્રેન કે બસ તેમન જે જગ્યાઓએ ખૂબ ભીડ હોય તેવી જગ્યાએ માસ્ક પહેરવું હિતાવહ છે. તે માત્ર કોવિડ જ નહિ પરંતુ હવાથી ફેલાતી અન્ય બીમારીથી પણ તમારું રક્ષણ કરશે. પરંતુ હાલ માસ્કને ફરજીયાત કરવાની કોઈ જરૂરિયાત નથી. વડીલો, ગર્ભવતી મહિલાઓ અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોએ ભીડવાળી જગ્યાએ જવાનું ટાળવું જોઈએ. જો જવું જરૂરી હોય તો માસ્ક જરૂર પહેરવું જોઈએ. તેમજ જેમને શરદી, ઉધરસ કે શ્વાસની તકલીફ છે તેમણે પણ ભીડવાળી જગ્યાએ માસ્ક પહેરીને રાખવું જોઈએ.

### નવા વર્ષના બીજા દિવસે ભારતીય શેરબજારમાં નબળાઈ

## સેન્સેક્સમાં ૩૮૦ અને નિફ્ટીમાં ૮૧ પોઇન્ટનો ઘટાડો જોવા મળ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

નવા વર્ષના બીજા ટ્રેડિંગ દિવસે, શેરબજાર નબળા નોટ પર સમાપ્ત થયું. બીએસઈસેન્સેક્સ લગભગ ૩૮૦ પોઈન્ટ ઘટીને ૭૧,૮૯૨ ના સ્તરે જ્યારે નિફ્ટી ૮૧ પોઈન્ટ ઘટીને ૨૧૬૬૦ ના સ્તર પર કામ કરી રહ્યો હતો. નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક સહિતના તમામ સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા છે. મંગળવારના વેપારમાં, સન ફાર્મા, અદાણી પોર્ટ્સ ડિવિઝન લેબ અને કોલ ઈન્ડિયાના સિટીમાં ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે આઈશર મોટર્સ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અલ્ટ્રાટેક સિમેન્ટ અને લાર્સન એન્ડ ટુબ્રોના શહેરમાં નબળાઈ જોવા મળી હતી.

શેરબજારના રોજિંદા કામકાજમાં સેન્સેક્સ એક વખત ૬૦૦ પોઈન્ટ્સ તૂટ્યો હતો. રેકોર્ડ ઊંચાઈને સ્પર્શ્યા બાદ નવા વર્ષના બીજા દિવસે નિફ્ટી અને સેન્સેક્સે નબળાઈનો સામનો કરવો પડ્યો હતો. શેરબજારના નિષ્ણાતોનું કહેવું છે કે હવે શેરબજારમાં ઘણી વધઘટ જોવા મળી શકે છે. સોમવારના વેપારમાં, વિદેશી સંસ્થાકીય રોકાણકારો ફ્યુચર્સ ઈન્ડેક્સમાં તેમના લાંબા પોઝિશન હોલ્ડિંગમાં ઘટાડો કરતા જોવા મળ્યા હતા જ્યારે ફ્યુચર્સ ઈન્ડેક્સ શોર્ટ પોઝિશન્સમાં નોંધપાત્ર વધારો થયો હતો. મંગળવારે શેરબજારમાં કામકાજમાં નબળાઈ દર્શાવનારા શેરોની વાત કરીએ તો એચડીએફસીબેંક, પતંજલિ ફૂડ્સ, આઈઆરસીટીસી, ટાટા મોટર્સ, મુથૂટ ફાઈનાન્સ, એક્સિસ બેંક, મારુતિ સુઝુકી, દેવયાની ઈન્ટરનેશનલ, ઈન્ફોસિસ, આઈસીઆઈસીઆઈબેંક અને ફેડરલ બેંકના શેરોમાં નબળાઈ નોંધાઈ હતી. થઈ ગયું.




# સંજેલીના ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગમાં "સંકલ્પ દિવસ" તરીકે ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

(પ્રતિનિધી)
। ઝાલોદ, તા.૨ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગમાં નવાવર્ષના સંકલ્પ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. જેમાં તાલીમ વર્ગના બાળકોએ સ્વચ્છતા રાખવાના સંકલ્પ લીધા હતા સાથે સાથે અભ્યાસ કરી વિવિધ હોદ્દા ઉપર ફરજ બજાવી દેશસેવા કરવા સંકલ્પ લીધા હતા. કાર્યક્રમમાં ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રીદિલીપકુમાર એચ. મકવાણા વિશેષ ઉપસ્થિત રહીને સૌ બાળકો પોતાના સપના પુરા મહેનત કરવાનું જણાવી શુભેચ્છાઓ પાઠવી હતી.મોરા ખાતે અશ્વિનભાઈ સંગાડા અને સુખસર ખાતે રાજુભાઈ મકવાણા દ્વારા તાલીમ વર્ગમાં નવા વર્ષ નિમિતે સંકલ્પ દિવસ પ્રતિજ્ઞા લેવડાવી હતી.

# ડીઆરએમ ઓફિસમાં કાર્યરત મહિલાઓની સુવિધા માટે મહિલા કક્ષનું ઉદઘાટન કર્યું



। અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક કાર્યાલય (DRM) માં એક નવી શરૂઆત તરીકે મહિલા રેલકર્મચારીઓની સુવિધાને ધ્યાનમાં લઈને મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીરકુમાર શર્માના માર્ગદર્શન હેઠળ મુખ્ય ચિકિત્સા અધીક્ષક શ્રીમતી ભાનુમતી શેખરે મહિલા કક્ષનું ઉદઘાટન કર્યું.

વરીષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી જીતેશ અગ્રવાલે જણાવ્યું કે આ મહિલા કક્ષમાં અનેક સુવિધાઓ મહિલા કર્મચારીઓને મળી રહે તેવી છે. આમાં ચેન્જિંગ રૂમ અને બેબી ફીડિંગ રૂમ, ડાઈનિંગ ટેબલ અને ખુરશી, ટેબલ ટેનિસ, કેરમ અને ચેસબોર્ડ જેવી વિવિધ સુવિધાઓ સામેલ છે. મહિલા કક્ષ ખાસ કરીને મહિલા કર્મચારીઓને તેમનાં કાર્યસ્થળે આરામ અને મનોરંજનની સુવિધા આપવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. આનાથી મહિલાઓનું કાર્ય વધારે સરળતાભર્યું બનાવવા માટે મહત્ત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. આ શરૂઆતનું ઉદઘાટન એક સકારાત્મક પ્રયાસ છે જે મહિલા રેલકર્મચારીઓને સમૃદ્ધિ અને સુવિધા સાથે તેમના કાર્યને વધારે સરળતાભર્યું બનાવવાની દિશામાં અનોખો પ્રયોગ છે.

# ઝાલોદ નગરમાં અયોધ્યાથી આવેલ પવિત્ર અક્ષત કુંભની યાત્રા કાઢી નગરના સમસ્ત મંદિરોના દેવતાઓને આમંત્રણ આપવામાં આવ્યું

## સનાતન હિન્દુ ધર્મ સાથે જોડાયેલ દરેક વ્યક્તિ અક્ષત કુંભની વાજતે ગાજતે કઢાયેલ યાત્રામાં મોટાં પ્રમાણમાં લોકો જોડાયા હતા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

આગામી તારીખ ૨૨ જાન્યુઆરી એ અયોધ્યા ધામ ખાતે નવીન રામ મંદિરમાં રામ ભગવાનની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવી રહેલ છે. ભગવાન રામના ભવ્ય રાજ્યાભિષેકના કારક્રમને વધાવવા વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ પ્રખંડ તેમજ સનાતન હિન્દુ ધર્મના સહુ લોકો આતુર છે. આ ભવ્ય ઉત્સવના ભાગ રૂપે સમગ્ર ભારતમાં મોટા પ્રમાણમાં સનાતન હિન્દુ સમિતિઓ દ્વારા કરવામાં આવેલ છે તે અનુક્રમે ઝાલોદ નગરમાંથી ઝાલોદ તાલુકાના ૯૬ ગામો માટે ૯૬ અક્ષત કુંભ અને ઝાલોદ નગરની વસ્તી માટે ૫ અક્ષત કુંભ એમ કુલ ૧૦૧ કુંભની શોભાયાત્રા શોભાયાત્રા રામજી મૂર્તિ સાથે વિશ્વકર્મા મંદિરે થી કાઢવામાં આવેલ હતી.

વિશ્વકર્મા મંદિરે થી અક્ષત કુંભના રથની પૂજા અર્ચના કરી નગરમાં યાત્રા કાઢવામાં આવી હતી. આ અક્ષત યાત્રામાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના સહુ કાર્યકર્તાઓ દ્વારા નગરના દરેક વિસ્તારોમાં આવેલ મંદિરોમાં જઈ અયોધ્યા ખાતે થનાર રામજી ભગવાનની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થવા તેમજ ધૂમધામ પૂર્વક દરેક મંદિરોમાં આ ઉત્સવ ઉજવવામાં આવે તે માટે અક્ષત આપી આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ અક્ષત યાત્રા જે જે વિસ્તારો માંથી પસાર થતી ત્યાં મોટા પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી યાત્રાનું ફૂલો થી સ્વાગત કરવા ઉમટી પડેલ હતા. આ અક્ષત યાત્રામાં મંદિરોમાં આમંત્રણ આપ્યાં બાદ અયોધ્યા ખાતે ૧૯૯૨ માં કારસેવામા શહિદ થયેલ રાજેશ સોનીના પરિવાર તેમજ કારસેવામા ગયેલ દરેક વ્યક્તિઓ ને આમંત્રણ આપવામાં આવનાર છે.


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આ અક્ષત યાત્રા પછી સતત નગરમાં તેમજ ગ્રામીણ વિસ્તારોમાં જઈ કાર્યકર્તાઓ ૧૫ જાન્યુઆરી સુધીમાં જઈ ઘરે ઘરે જઈ અયોધ્યામાં બનનાર મંદિરની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહુ લોકોને આમંત્રણ આપવા જનાર છે. અયોધ્યામાં રામજીના રાજ્યાભિષેકના અવસરે શ્રી રામ ભગવાન દ્વારા સમગ્ર હિન્દુ સમાજને અયોધ્યા ખાતે પધારવા આમંત્રણ આપેલ છે વિશ્વ હિન્દુ પરિષદના આ મેગા અભિયાનમાં સહુ લોકોને જોડાવા આમંત્રણ આપવામાં આવેલ છે.

નગરમાં આ અક્ષત કુંભ યાત્રા વિશ્વકર્મા મંદિર થી થઈ મુવાડા રામજી મંદિર, મુવાડા ચોકડી, બસ સ્ટેશન વિસ્તાર, આંબેડકર ચોક, મોચી દરવાજા, ગીતા મંદિર, કોળી વાડા, મીઠાચોક, રામસાગર તળાવ થઈ લુહારવાડા,વડબજાર થઈ ભરત ટાવર ખાતે યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું.

# બંધ વીમા પોલીસી ચાલુ કરાવવાના નામે યુવતીએ ૬૪ હજાર ખંખેરી લીધા

। (એજન્સી) સુરત, તા.૨ ।

સુરતમાંથી નકલી કંપની દ્વારા ફરી એકવાર એક વેપારી સાથે છેતરપિંડી થયાની ફરિયાદ સામે આવી છે. એક યુવતીએ ખુદને વીમા પૉલીસી કંપનીની કર્મચારી હોવાની ઓળખ આપીને એક વેપારી પાસેથી ૬૪ હજાર ખંખેરી લીધા હતા, ખરેખરમાં, નકલી વીમા કંપનીએ વેપારીને તેમની જુની બંધ પડેલી પોલીસીને ફરી ચાલુ કરવા માટે લાલચ આપી હતી, જે પછી વેપારી પાસે ઠગાઈ થઈ હતી. આ ઘટના સુરત શહેરના સારોલી મૉડલ ટાઉન રેસિડેન્સીમાં ઘટી છે. સુરતમાં દિવસ દિવસે નકલીનો ધંધો ધોમધખી રહ્યો છે, હવે વધુ એક નકલી વીમા કંપની સામે ફરિયાદ નોંધાઈ છે. ખરેખરમાં વાત એમ છે કે, શહેરના સારોલી વિસ્તારમાં રહેતા એક કાપડના વેપારી સાથે છેતરપિંડી થઈ છે. સુરતના સારોલીના મૉડલ ટાઉન રેસિડેન્સીમાં રહેતા કાપડ દલાલ નિરંજન શર્મા સાથે ૬૪ હજારની છેતરપિંડી થયાની ઘટના ઘટી છે. કાપડ વેપારી નિરંજન શર્માને ૧લી ડિસેમ્બરે એક છોકરીને ફોન આવ્યો હતો, તે છોકરીએ પોતાની ઓળખ એક્સાઈડ લાઈફ ઈન્શ્યોરન્સ લિમીટેડ કંપનીમાંથી કર્મચારી નેહાબેન હોવાની આપી હતી. નેહાબેન નામની નકલી યુવતીએ ૫૩ વર્ષીય કાપડ વેપારી નિરંજન શર્માને તેમની બંધ પડેલી પોલીસેને પુનઃ ચાલુ કરવા માટે સમજાવ્યા હતા.

ભાવનગરમાં બુટલેગરો બેફામ

# ભાજપની મહિલા કોર્પોરેટરને મારી નાખવાની આપી ધમકી

## રાજ્યમાં વ્યાજખોરોનો ત્રાસ વધી રહ્યો છે, ભાવનગરમાં જ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે

। (એજન્સી) ભાવનગર, તા.૨ ।

ભાવનગર શહેરમાં બુટલેગરો બેફામ બન્યા છે. ભાજપની મહિલા કોર્પોરેટરને મારી નાખવાની ધમકી આપી છે. ભાજપના મહિલા કોર્પોરેટરનાં ઘર પર આવીને બુટલેગરો નગરસેવિકા અને તેના પતિને ધમકાવતો હોય તેનો વિડીયો પણ સામે આવ્યો છે. શહેરના કુંભારવાડા મિલની ચાલી નજીક રહેતા વડવા-બ વોર્ડનાં ભાજપના નગર સેવિકા સેજલબેન ગોહિલે બોરતળાવ પોલીસ મથકમાં આ અંગેની ફરિયાદ નોંધાવી છે. સાથે જ મહિલા નગર સેવક દ્વારા ગૃહમંત્રીને પણ રજૂઆત કરવામાં આવી છે. જે પત્રની અંદર જણાવવામાં આવ્યું છે કે બુટલેગરો ઘર પર પથ્થરમારો કરે છે. ત્યારે સૌથી મોટો સવાલ એ છે કે ભાજપના શાસનમાં હવે ભાજપના જ નગરસેવિકા સુરક્ષિત નથી તો પછી સામાન્ય લોકોની પરિસ્થિતિ શું થતી હશે તે સમજી શકાય છે. રાજ્યમાં વ્યાજખોરોનો ત્રાસ વધી રહ્યો છે, ભાવનગરમાં જ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં વ્યાજખોરોએ એક લેણદારને પોતાના સંકજામાં ફસાવીને વતન છોડવા પર મજબૂર કરી દીધો હતો. ખાસ વાત છે કે, વ્યાજખોરોનો ત્રાસ એટલો વધી ગયો કે ઉછીના નાણા પરત ના આપતા લેણદાર પાસે તેમને ઘર પણ બળજબરી પૂર્વક લખાવી લીધુ હતુ. હાલમાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધી છે, અને તપાસ ચાલુ છે. મળતી માહિતી પ્રમાણે, રાજ્યમાં ઠેર ઠેર વ્યાજખોરોનો ત્રાસ વધવાની ઘટનાઓ ફરી એકવાર સામે આવી રહી છે, આજે ભાવનગર જિલ્લામાં વ્યાજખોરોના વિષચક્રમાં એક વ્યક્તિ ફસાયો હોવાનું સામે આવ્યુ છે, આ વ્યક્તિને હવે વતન પણ છોડવું પડ્યુ છે. આ ઘટના જિલ્લાના સિહોર તાલુકાના સણોસરા ગામની છે. સણોસરા ગામમાં એક ખેડૂત કે જે પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલો છે, તેને હાલમાં જ ૧૧ વ્યાજખોરો સામે સોનગઢ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ખરેખરમાં ઘટના એવી છે કે, સણોસરા ગામના પશુપાલક વિક્રમભાઈ રાઠોડ નામના વ્યક્તિએ ૨૦૧૯માં પશુઓના નિરણ માટે વ્યાજે રૂપિયા લીધા હતા, જેની ચૂકવણી બાબતે વ્યાજખોરો સતત ઉઘરાણી કરી રહ્યાં હતા. જે રૂપિયા લીધા હતા, તેનું વ્યાજખોરો દ્વારા ઊંચા વ્યાજ દરે અને વારંવાર ઉઘરાણી કરવામાં આવતી હતી.

રાજ્યમાં હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત

# રાજકોટમાં વધુ ચાર લોકોએ ગુમાવ્યો જીવ

## આજકાલ, એવા ઘણા કિસ્સાઓ છે જ્યારે જીમમાં વર્કઆઉટ અથવા ડાન્સ કરતી વખતે યુવાનોને હાર્ટ એટેક આવે છે

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

રાજ્યમાં નાની વયે હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત છે. રાજકોટમાં ચાર લોકોના હાર્ટ એટેકને કારણે મોત થયા છે. જેમાં એક વ્યક્તિની ઉંમર ૪૦ વર્ષથી નીચે છે તો એકની ઉંમર ૫૦ વર્ષની નીચે અને બેની ઉંમર ૫૦ વર્ષથી ઉપર છે. જે ચાર લોકોના હાર્ટ એટેકથી મોત થયા છે તેમાં ૩૬ વર્ષીય કારૂલાલ મેઘવાળ ડ્રાઈવર સાથે ક્લીનર તરીકે એમપીથી ફ્રૂટની ડિલિવરી કરવા આવ્યો હતો ત્યારે હાર્ટ એટેકને કારણે મોત થયું હતું. બીજું નામ ૫૫ વર્ષીય કારખાનેદાર રમેશ ભાઈ અમિપરાનું છે જે પોતાના કારખાને હતા ત્યારે જ હાર્ટઅટૅક આવ્યો હતો અને તેમનું મોત થયુ હતું. ત્રીજું નામ ૪૫ વર્ષીય મધુભાઈ સાબડનું છે જે રીક્ષામાં માર્કેટ યાર્ડથી શાકભાજી ભરીને જતા હતા ત્યારે રસ્તામાં હાર્ટ એટેક આવ્યો અને જીવ ગુમાવ્યો હતો. ચોથું નામ રૈયાધાર વિસ્તારમાં રહેતા ૫૪ વર્ષીય રઘુભાઈનું છે જેમને પોતાના ઘરે જ હાર્ટ એટેક આવતા મોત થયુ હતું. યુવાનોના હૃદય સતત નબળા પડી રહ્યા છે. એક ચોંકાવનારો અહેવાલ જણાવે છે કે આજે લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે તેની અસર હૃદય પર પડી રહી છે અને હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીઓ ઝડપથી વધી રહી છે. અમેરિકન જર્નલ ઑફ ક્લિનિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક રિસર્ચમાં પ્રકાશિત અહેવાલ દર્શાવે છે કે ૨૦૧૫ સુધીમાં ભારતમાં લગભગ ૬.૫ કરોડ લોકો હૃદયની બીમારીઓથી પીડિત હતા.

# ઝાલોદ સરકારી અનાજની દુકાનોમાં અનાજ ઓછું સપ્લાય થવાની જાગૃત નાગરિક દ્વારા પ્રાંત અધિકારીને આવેદન

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ નગરની સરકારી દુકાનોમાં સરકારી ગોડાઉનમાં થી સપ્લાય થતાં અનાજમાં ઘટ પડે છે તેવી અરજી નગરના જાગૃત નાગરિક દ્વારા પ્રાંત અધિકારીને આપવામાં આવેલ છે. આ ગેરરીતિ માટે જવાબદાર કોણ એ એક મોટો પ્રશ્ન નગરમાં ચર્ચાઈ રહેલ છે. સરકારી ગોડાઉનમાં કેમેરા ગોઠવેલ હોવા છતાય સરકારી અનાજના કટ્ટાઓમા ઘટ કેવી રીતે પડે છે. આવી મીલી ભગત કેવી રીતે અને કોના દ્વારા ચલાવવામાં આવે છે એ એક ચર્ચાનો વિષય બની ગયેલ છે. અનાજનો ઓછો જથ્થો સરકારી ગોડાઉન માંથી ઓછો આવે છે કે સરકાર દ્વારા સપ્લાય ઓછું કરવામાં આવે છે તે તપાસનો વિષય બની ગયેલ છે. સરકાર દ્વારા ૫૬ કિલોનો એક કટ્ટો આપવામાં આવે છે અને ત્યાર બાદ સરકારી અનાજની દુકાને પહોંચતા આ કટ્ટા માંથી પાંચસો ગ્રામ જેટલું અનાજ ઓછું થઈ જાય છે તો સરવાળે સરકારી દુકાનદારોને અનાજમાં ઘટ પડતાં નુકશાન વેઠવું પડે છે. ગરીબોના હકનો અનાજ ચાંઉ કરી જનાર કોણ છે અને તે આ અનાજ ચોરી કરી કોને વહેંચે છે. તે એક તપાસનો વિષય બની ગયેલ છે. આ અનાજ ક્યાથી કેવી રીતે ઓછું આવે છે તે એક તપાસનો વિષય બની ગયેલ છે.

# ૮ જાન્યુઆરી સુધી ચાંદલોડિયા અને આંબલી રોડ સ્ટેશનો વચ્ચે આવેલ રેલવે ક્રોસિંગ નંબર ૭ બંધ રહેશે

। અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-વિરમગામ સેક્શનના ચાંદલોડિયા અને આંબલી રોડ સ્ટેશનો વચ્ચે આવેલું રેલવે ક્રોસિંગ નંબર ૭ કિ.મી. (૫૦૭/૩૭-૩૯) જનતા નગર ઘાટલોડિયા પાસે ૦૨ જાન્યુઆરી ૨૦૨૪ થી ૦૮ જાન્યુઆરી ૨૦૨૪ સુધી (કુલ ૭ દિવસ) સમારકામ અને જાળવણી કાર્ય માટે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન રોડ યુઝર્સ ચાણક્યપુરી ROB કિમી (૫૦૬/૮-૯) અને ઘાટલોડિયા ROB કિમી (૫૦૮/૮-૯) થઈને મુસાફરી કરી શકે છે.

વિશેષ — મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની બેઠક સંપન્ન થઈ

# વડાપ્રધાન નરેન્દ્રએ માનવ જીવન સાથે વન્ય જીવસૃષ્ટિ પર્યાવરણના જતન-સંવર્ધન માટે આપેલા મિશન લાઇફ વિચારને કેન્દ્રમાં રાખી સમનવિત વિકાસ કરીએ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં મળેલી સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની ૨૩મી બેઠકમાં રાજ્યના સુરત વન વર્તુળના બે વિભાગોના ૬૯૬૬૮.૫૧ હેક્ટર રક્ષિત જંગલ વિસ્તારના અખંડ જંગલને અભયારણ્ય તરીકે જાહેર કરવા માટેનો પ્રાથમિક સર્વે વન વિભાગ દ્વારા હાથ ધરવાની કાર્યવાહી માટે સૂચના આપવામાં આવી હતી.

તદઅનુસાર, સુરત જિલ્લાના ઉમરપાડા, વડપાડા, માંડવી ઉત્તર અને દક્ષિણ તેમજ તાપી વ્યારાના ખેરવાડા, ટાપ્તી અને વાજપુર એમ ૭ રેન્જના અને અખંડ જંગલની માહિતી, ફ્લોરા અને ફૌનાનું પ્રાથમિક સર્વેક્ષણ વન વિભાગના ક્ષેત્રીય અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવશે.





મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ માનવ જીવન વિકાસ સાથે વન્ય જીવસૃષ્ટિ અને પર્યાવરણના જતન-સંવર્ધન સાથેના સમન્વિત વિકાસ માટે આપેલા મિશન લાઈફ વિચારને કેન્દ્ર સ્થાને રાખવા આ બેઠકમાં પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ બેઠકમાં રાજયના ૭ અભયારણ્યમાં અન્ડર ગ્રાઉન્ડ ઓપ્ટિકલ ફાઈબર કેબલ, મોબાઈલ ટાવર્સ, રોડ-રસ્તા એમ ૧૫ કામોની દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી. ઘુડખર અભયારણ્ય ઉપરાંત કચ્છ, બાલારામ-અંબાજી, નારાયણ સરોવર, ગીર, જાંબુઘોડા અને શૂરપાણેશ્વર અભયારણ્ય વિસ્તારમાં આ કામો હાથ ધરાશે. વનમંત્રી શ્રી મુળૂભાઈ બેરા, રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, મુખ્ય સચિવ શ્રી રાજકુમારે પણ આ બેઠકમાં વિવિધ સૂચનો કર્યા હતા. રાજ્યમાં દીપડા દ્વારા થતા માનવ ધર્ષણનાં બનાવો સામે વન વિભાગે લાંબાગાળાના રક્ષાત્મક ઉપાયો અને કામગીરી કર્યા છે તે અંગે આ બેઠકમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. અગ્ર મુખ્ય વનસંરક્ષક (વન્યપ્રાણી) શ્રી નિત્યાનંદ શ્રીવાસ્તવે આ સંદર્ભમાં વિસ્તૃત પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યુ હતું. તેમાં જણાવવામાં આવ્યું હતું કે, હિંસક દિપડાઓને ટ્રાક્વિલાઈઝ કરવા માટે પૂરતા પ્રમાણમાં ટ્રાક્વિલાઈઝર ગન ખરીદીની કાર્યવાહી કરવામાં આવી રહી છે. એટલું જ નહીં, દક્ષિણ ગુજરાત વિસ્તારમાં માનવ વસ્તીના વિસ્તાર પ્રમાણે વધુ ગીચતા હોઈ, માનવ વસ્તી આસપાસ આવી જતાં દીપડાને પકડવા તાલુકા દીઠ ૧૦ પાંજરાઓની ખરીદીનું પણ આયોજન છે. દિપડાઓની વર્તણુંકના અભ્યાસ અને તેની હિલચાલ પર નજર રાખવા ટ્રેપ કેમેરા ખરીદીની કાર્યવાહી સાથે દીપડાઓને રેડિયો કૉલર કરવાનું કામ પણ વિભાગે કર્યુ છે. પાંચ દિપડાઓને રેડિયો કૉલર પણ કરવામાં આવેલા છે.

દક્ષિણ ગુજરાતના સુરત અને વલસાડમાં બે નવા રેસ્ક્યુ સેન્ટર બનાવવાની કાર્યવાહી પ્રગતિમાં છે તેમજ તાજેતરમાં પાવાગઢ અને જાંબુઘોડા ખાતે રેસ્ક્યુ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે તેની પણ વિગતો તેમણે આપી હતી. મુખ્ય સચિવ શ્રી રાજકુમારે દીપડાઓને માનવ વસ્તીથી દૂરના જંગલ વિસ્તારમાં રક્ષિત સ્થાને વસાવી શકાય તે માટે લાંબાગાળાના ઉપાય તરીકે રિહેબીલિટેશન સેન્ટર વન વિભાગના ઊભાં કરે તે દિશાનાં આયોજન અંગે સૂચન કર્યું હતું. આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઑફ ધ ફોરેસ્ટ ફોર્સ શ્રી યુ.ડી.સિંઘ, અગ્ર સચિવ શ્રી સંજીવકુમાર, મુખ્ય અગ્ર વનસંરક્ષકશ્રીઓ તેમજ બોર્ડના સભ્યો, ધારાસભ્ય સર્વશ્રી મહેશભાઈ કસવાલા, માલતીબહેન મહેશ્વરી, વન્યજીવ સૃષ્ટિ સાથે સંકળાયેલા સંગઠનોના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### નારાજ નેતાઓને મનાવવા માટે ભાજપે સમિતિની રચના કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દિલ્હીમાં આજે ભાજપે આગામી લોકસભા ચૂંટણીની તૈયારીઓને લઈને બેઠક યોજી હતી. જેમાં અસંતુષ્ટ નેતાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને એક સમિતિની રચના કરી છે. જે નારાજ નેતાઓનો સંપર્ક કરીને તેમને મનાવવાનો પ્રયાસ કરશે. સૂત્રોના જણાવ્યાનુસાર, આ બેઠકની અધ્યક્ષતા ભાજપ અધ્યક્ષ જેપી. નડ્ડાએ કરી હતી. જેમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે સમિતિની રચના કરી છે, જેનું મુખ્ય કામ વિવિધ રાજકીય પક્ષોના અસંતુષ્ટ નેતાઓનો સંપર્ક કરીને તેમને પક્ષમાં સામેલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. એટલું જ નહીં આ સમિતિની મંજુરી મળે ત્યારે જ ભાજપમાં કોઈપણ નેતાનું સત્તાવાર જોડાવાનું શક્ય બનશે.

### ૩૧ વર્ષ જૂના કેસમાં કાર સેવકની કર્ણાટકમાં ધરપકડ કરવામાં આવી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

હાલ અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ યોજાનાર રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે કર્ણાટકમાં ૩૧ વર્ષ જૂના કેસમાં રામ મંદિર આંદોલનમાં સામેલ એક કારસેવકની ધરપકડ કરાયા બાદ રાજકારણ ગરમાયું છે. આ કાર્યવાહી બાદ ભાજપે કર્ણાટક સરકાર સામે બાયો ચઢાવી છે અને પૂજારીની ધરપકડને અયોગ્ય ઠેરવી છે. દરમિયાન ૧૯૯૨માં બાબરી મસ્જિદ વિધ્વંસ કર્ણાટકમાં હિંસાત્મક પ્રદર્શનો થયા હતા, જેમાં કારસેવક શ્રીકાંત પુજારીને આરોપી બનાવાયા હતા. હવે આ મામલે ૩૧ વર્ષ બાદ તેમની ધરપકડ કરાઈ છે. આ ઘટના બાદ ભાજપે પુજારીની ધરપકડને અયોગ્ય ઠેરવી છે. ભાજપે કહ્યું કે, કર્ણાટક સરકાર કારસેવકને જાણીજોઈને હેરાન કરી રહી છે. SDPI અને PFIને ફ્રીમાં છોડી દેનારાઓ જાણીજોઈને ૩૧ વર્ષ બાદ રામભક્તોની ધરપકડ કરી રહી છે. કોંગ્રેસને કોંગ્રેસને રામ મંદિર ખટકી રહ્યું છે. પૂજારીની ધરપકડના વિરોધમાં ભાજપ રાજ્યભરમાં વિરોધ-પ્રદર્શન કરશે. મળતા અહેવાલો મુજબ, આ મામલો લાંબા સમયથી પેન્ડિંગ હતો, ત્યારબાદ એક અભિયાન હેઠળ કેસનો નિવેડો લવાયો હતો.

---

ભારતનો પ્રથમ ટેસ્ટમાં દ. આફ્રિકા સામે ભૂંડો પરાજય થયો હતો

# નાન્દ્રે બર્ગરની બોલિંગના સામના માટે કોહલી-શ્રેયસે ખાસ યોજના બનાવી

### પ્રથમ મેચમાં બર્ગરે બંને ઇનિંગ્સમાં કુલ ૭ વિકેટ ઝડપી હતી

। (એજન્સી) કેપટાઉન, તા.૨ ।

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ૨ મેચોની ટેસ્ટ સીરિઝની બીજી મેચ આવતીકાલે કેપ ટાઉનના ન્યુલેન્ડ્સ સ્ટેડિયમમાં રમાનાર છે. પ્રથમ ટેસ્ટમાં સાઉથ આફ્રિકાએ ભારતને એક ઈનિંગ અને ૩૨ રનહતી હરાવ્યું હતું. આવી સ્થિતિમાં ભારતીય ટીમ આવતીકાલે બીજી ટેસ્ટ મેચ જીતીને સીરિઝ ડ્રો કરવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. પ્રથમ ટેસ્ટ મેચમાં મળેલી જીતમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલરોએ ભજવી હતી. પ્રથમ ટેસ્ટ મેચમાં સાઉથ આફ્રિકા તરફથી



નાન્દ્રે બર્ગરે ટેસ્ટ ડેબ્યુ કર્યો હતો. બર્ગરે ડેબ્યુ મેચમાં પોતાની ઘાતક બોલિંગ દ્વારા વિરાટ કોહલી, રોહિત શર્મા અને શ્રેયસ અય્યર જેવા બેટ્સમેનોને પરેશાન કર્યા હતા. પ્રથમ મેચમાં બર્ગરે બંને ઈનિંગ્સમાં કુલ ૭ વિકેટ ઝડપી હતી. હવે બીજી મેચમાં નાન્દ્રે બર્ગરનો સામનો કરવા માટે ભારતીય બેટ્સમેનોએ એક ખાસ યોજના તૈયારી કરી છે. બીજી ટેસ્ટ મેચ પહેલા ભારતીય ટીમના બેટ્સમેનોએ નાન્દ્રેના ઝડપી અને વધુ બાઉન્સવાળા બોલનો સામનો કરવા માટે સખત તૈયારી કરી હતી. તેઓએ શોર્ટ બોલ માટે પણ નેટ્સમાં પ્રેક્ટિસ કરી હતી. પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતીય બેટ્સમેનો સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલરોનો સામનો કરવામાં નિષ્ફળ રહ્યા હતા, જેના કારણે ભારતીય ટીમ પ્રથમ ઈનિંગમાં ૨૪૫ અને બીજી ઈનિંગમાં ૧૩૧ રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. વિરાટ કોહલીએ પ્રેક્ટિસ દરમિયાન થ્રોડાઉન પર વધુ ધ્યાન આપ્યું હતું.

---

પ્રથમ ટેસ્ટમાં રહ્યો ફ્લોપ

# યશસ્વી જયસ્વાલે તેની પ્રથમ ટેસ્ટ મેચની પ્રથમ ઇનિંગમાં ધમાકો કર્યો

### સેન્ચુરિયન દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટની પ્રથમ ઇનિંગમાં ૧૭ રન અને બીજી ઇનિંગમાં માત્ર ૫ રન જ બનાવી શક્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારતીય ક્રિકેટ ટીમ દક્ષિણ આફ્રિકા સામે રમાઈ રહેલી બે મેચની ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચ હારી ગઈ છે. હવે નવા વર્ષે ટીમ ઈન્ડિયા કેપટાઉનમાં બીજી ટેસ્ટ મેચથી પોતાની નવી સફર શરૂ કરવા જઈ રહી છે. કેપ્ટન રોહિત શર્મા અને કોચ રાહુલ દ્રવિડ આ મેચ જીતીને શ્રેણી બરોબરી કરવાનો લક્ષ્યાંક રાખશે. પ્રથમ મેચમાં ફ્લોપ રહેલો ૨૨ વર્ષનો ઓપનર આ મેચમાં ધમાકો કરવા માંગશે.



ડેબ્યૂ પર આ યુવકે ૧૭૧ રનની ઈનિંગ રમીને બધાને પોતાના ફેન બનાવી દીધા હતા. ટીમ ઈન્ડિયા ફરી એકવાર દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે ટેસ્ટ શ્રેણી જીતવામાં નિષ્ફળ રહી છે. સેન્ચુરિયનમાં રમાયેલી પ્રથમ મેચમાં હારનો સામનો કર્યા પછી ભારત હવે કોઈપણ ભોગે યજમાન ટીમને જડબાતોડ જવાબ આપીને આગામી ટેસ્ટ જીતવા માગે છે. આ જીત માટે ટીમ ઈન્ડિયાનો દરેક ખેલાડી નેટમાં પરસેવો પાડી રહ્યો છે. ટીમ ઈન્ડિયાનો યુવા સેન્સેશન યશસ્વી જયસ્વાલ પ્રથમ ટેસ્ટની બંને ઈનિંગ્સમાં રન બનાવવામાં નિષ્ફળ રહ્યો હતો અને તેનું બેટ બહુ શાંત રહેતું નથી, તેથી આગામી ટેસ્ટ રસપ્રદ રહેશે.

---




મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ભારત મહિલા અને ઓસ્ટ્રેલિયાની મહિલાઓ વચ્ચેની ત્રીજી ODI ક્રિકેટ મેચ રમવામાં આવી હતી.

---

કેપટાઉનમાં આજથી ભારતની દ. આફ્રિકા સામે બીજી ટેસ્ટમાં ટક્કર

## સદી ફટકારીને સચિન-કોહલીના રેકોર્ડની બરોબરીની રોહિતને તક

। કેપટાઉન, તા.૨ ।

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી ૨ મેચની ટેસ્ટ સીરિઝની બીજી મેચ કેપ ટાઉનમાં આવતીકાલે રમાશે. પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતને એક ઈનિંગ અને ૩૨ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. હવે બીજી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમ જીત હાંસલ કરી સીરિઝ ડ્રો કરવાનો પ્રયત્ન કરશે. જયારે ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા પાસે ધોનીનો રેકોર્ડ તોડવાની તક રહેશે. રોહિત શર્મા બીજી



ટેસ્ટ મેચમાં સાઉથ આફ્રિકા સામે સદી ફટકારવામાં સફળ રહ્યો તો તે ભારતનો ત્રીજો એવો કેપ્ટન બની જશે જેણે સાઉથ આફ્રિકામાં સદી ફટકારી હશે. અત્યાર સુધી સચિન તેંડુલકર અને વિરાટ કોહલી જ એવા બેટ્સમેન જેઓએ સાઉથ આફ્રિકામાં સદી ફટકારી છે.

---

હૂતી જૂથ રેડ સીમાં આતંક મચાવી રહ્યુ છે

# રેડ સીમાં યુએસ અને ઈરાનના યુદ્ધ જહાજના સામનાની શક્યતા

### અમેરિકાએ હૂતી બળવાખોરોની 3 બોટ ડૂબાડી દીધી, અમેરિકાએ કરેલા પ્રહારમાં ૧૦ બળવાખોરોના મોત થયા હોવાનું અનુમાન

। (એજન્સી) તેલ અવીવ, તા.૨ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના જંગમાં હમાસનુ સમર્થન કરી રહેલા ઈરાન સમર્થિત બળવાખોર હૂતી જૂથ રેડ સીમાં આતંક મચાવી રહ્યુ છે. વેપારી જહાજોને ડ્રોન અને મિસાઈલ વડે ટાર્ગેટ કરી રહેલા હૂતી જૂથને રોકવા માટે અમેરિકાએ પોતાના યુધ્ધ જહાજોને આ વિસ્તારમાં તૈનાત કર્યા છે પણ હવે



રેડ સીમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ આગામી દિવસોમાં સર્જાઈ શકે છે. કારણકે રવિવારે અમેરિકાએ હૂતી જૂથ પર હુમલો કર્યો હતો અને એ પછી હવે ઈરાનનુ યુધ્ધ જહાજ રેડ સીમાં પહોંચ્યુ છે અને તેના કારણે અમેરિકાના યુધ્ધ જહાજ અને ઈરાનના યુધ્ધ જહાજનો આમનો સામનો થવાની શક્યતા વધી ગઈ છે. રવિવારે હૂતી બળાખોરોએ યમન પાસે એક માલવાહક જહાજ પર ચઢવાની કોશિશ કરી હતી. હૂતી બળવાખોરો ચાર બોટમાં બેસીને જહાજ પાસે પહોંચ્યા હતા.

---

ભારતમાં સૌથી વધુ હિંદુ અને મુસ્લિમની વસતી

# ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ, મિઝોરમમાં સૌથી ઓછી મુસ્લિમોની વસતી વસે છે

### ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ મુસ્લિમો વસે છે, ત્યારબાદ ૨૫ ટકા સાથે પશ્ચિમ બંગાળનો બીજો નંબર આવે છે આ યાદીમાં બિહારનું નામ ત્રીજા સ્થાને

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારત વિવિધતામાં એકતા ધરાવે છે. અહી વિવિધ ધર્મના લોકો એકસાથે વસતા હોવાથી ભારતની સુંદરતામાં વધારો થાય છે. દેશમાં સૌથી વધુ વસ્તી હિંદુઓની છે અને ત્યારબાદ મુસ્લિમ ધર્મની છે. દેશમાં વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૯૬.૬૩ કરોડ હિંદુ અને ૧૭.૨૨ કરોડ મુસ્લિમ લોકો વસે છે. પરંતુ આજે જાણીશું કે ક્યાં રાજ્યમાં સૌથી ઓછી તેમજ સૌથી વધુ મુસ્લિમ વસ્તી છે? સૌથી વધુ મુસ્લિમ વસ્તીના સંદર્ભમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે આવે છે. અહીં ૨૧ કરોડથી વધુ મુસ્લિમો વસે છે. જે કુલ વસ્તીના ૧૪.૨૩ ટકા છે. જો ભારતના રાજ્યની વાત કરવામાં આવે તો ઉત્તર પ્રદેશ સૌથી વધુ વસ્તી ધરાવે છે. ઉત્તર પ્રદેશમાં ૧૯.૩ ટકા મુસ્લિમો વસે છે. ત્યારબાદ ૨૫ ટકા સાથે પશ્ચિમ બંગાળનો બીજો નંબર આવે છે. આ યાદીમાં બિહારનું નામ ત્રીજા સ્થાને છે. ત્યાં મુસ્લિમ વસ્તી ૧૬.૯ ટકા છે. ત્યારબાદ ચોથા સ્થાને મહારાષ્ટ્ર અને પાંચમા સ્થાને આસામનો સમાવેશ થાય છે. રાજ્યની વસ્તીના ૧.૪ ટકા સાથે મિઝોરમ રાજ્ય દેશમાં સૌથી ઓછા મુસ્લિમો ધરાવતું રાજ્ય છે. મિઝોરમ પછી સિક્કિમમાં સૌથી ઓછી મુસ્લિમ વસ્તી છે.

---

પાકિસ્તાનના બહાવલપુરમાં રેલવે લિંક રોડ પરની ઘટનાનો દાવો

# સંસદ પર હુમલાનો માસ્ટરમાઈન્ડ મસૂદ અઝહર બોમ્બ વિસ્ફોટમાં માર્યો ગયો

### મસૂદ વહેલી સવારે મસ્જિદ જતો હતો ત્યારે તેને અજાણ્યા લોકોએ બોમ્બ વિસ્ફોટ કરીને તેને નિશાન બનાવ્યો હતો

। (એજન્સી) કરાંચી, તા.૨ ।

ભારતનો વધુ એક દુશ્મન અને મોસ્ટ વૉન્ટેડ આતંકવાદી મસૂદ અઝહર પાકિસ્તાનમાં માર્યો ગયો હોવાનો સોશિયલ મીડિયામાં દાવો થઈ રહ્યો છે. આ સમાચાર વહેતા થતાં પાકિસ્તાન જ નહીં, ભારતમાં પણ ખળભળાટ મચી ગયો છે. સોશિયલ મીડિયા 'એક્સ' પર ટ્રેન્ડ થયેલા આ સમાચારમાં દાવો કરાયો છે કે પહેલી જાન્યુઆરીએ વહેલી સવારે પાંચ વાગ્યે જૈશ એ મોહમ્મદનો વડો મસૂદ અઝહર એક બોમ્બ વિસ્ફોટમાં માર્યો ગયો છે. આ ઘટના પાકિસ્તાનના બહાવલપુરમાં રેલવે લિંક રોડ પર બની હતી. દાઉદ ઈબ્રાહિમ ભોજનમાં ઝેર અપાતા માર્યો ગયો એવા દાવા પછી મસૂદ અઝહરના મોતના વાયરલ સમાચારે લોકોમાં કુતુહલ જગાવ્યું છે. 'એક્સ' પર દાવો કરાયો છે કે, મસૂદ વહેલી સવારે મસ્જિદ જતો હતો ત્યારે



અજાણ્યા લોકોએ બોમ્બ વિસ્ફોટ કરીને તેને નિશાન બનાવ્યો હતો. મસૂદે જૈશ એ મોહમ્મદ નામના આતંકવાદી સંગઠનની સ્થાપના કરી હતી, જે સતત ભારત વિરુદ્ધ આતંકી ગતિવિધિમાં કરી રહ્યું છે. ૨૪ ડિસેમ્બર ૧૯૯૯ના રોજ ઈન્ડિયન એરલાઈન્સના વિમાન આઈસી૮૧૪નું અપહરણ કરીને અફઘાનિસ્તાનના કંદહાર લઈ જવાયું હતું. તેના બદલામાં આતંકીઓ મસૂદ અઝહરને ભારતની જેલમાંથી મુક્ત કરાવ્યો હતો. ૧૩ ડિસેમ્બર ૨૦૧૧ના રોજ સંસદ પર થયેલા હુમલાનો માસ્ટરમાઈન્ડ પણ મસૂદ અઝહર જ હતો. એવું કહેવાય છે. કે મસૂદ ઈસ્લામાબાદમાં પાકિસ્તાનની ડીપ સ્ટેટ સુરક્ષામાં રહેતો હતો.

---

જાપાન નવા વર્ષે જ ભૂકંપથી ધણધણી ઊઠ્યું

# જાપાનમાં એક જ દિવસમાં ભૂકંપના ૧૫૫ જેટલા આંચકા આવ્યા હતા

### જાપાનમાં રાહત અને બચાવ કામગીરી ચાલુ છે અને કાટમાળમાં દટાયેલા લોકોની તલાશ કરવામાં આવે છે

। (એજન્સી) ટોક્યો, તા.૨ ।

વર્ષ ૨૦૨૩માં ભૂકંપ અને યુદ્ધની ભયાનકતાની યાદો ભૂલાવીને આખી દુનિયા નવા વર્ષની ઊજવણી કરી હતી ત્યારે જાપાનમાં નવા વર્ષના પહેલા જ દિવસે ૭.૬ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી ધરતી ધણધણી ઉઠી હતી. નવા વર્ષના પહેલા જ દિવસે જાપાનમાં આવેલા વિનાશક ભૂકંપ માં અત્યાર સુધીમાં ૩૦ લોકોના મોત થઈ ગયા છે.





પ્રાપ્ત માહિતી પ્રમાણે જાપાનમાં એક જ દિવસમાં ભૂકંપના ૧, ૨ નહીં પરંતુ ૧૫૫ આંચકા અનુભવાયા હતા. રાહત અને બચાવ કામગીરી ચાલુ છે અને કાટમાળમાં દટાયેલા લોકોની તલાશ કરવામાં આવી રહી છે. પોલીસ અને અધિકારીઓએ મંગળવારે વહેલી સવારે ધરાશાયી થયેલી ઈમારતોના કાટમાળમાંથી મૃતદેહો બહાર કાઢવાની સૂચના આપી હતી. જાપાનમાં ગઈ કાલે ૭.૬ ની પ્રારંભિક તીવ્રતા સાથેનો ભૂકંપ આવ્યો હતો જેમાં ઘણી ઈમારતો ધરાશાયી થઈ હતી, હજારો ઘરોની વીજળી ગૂલ થઈ હતી અને કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોના રહેવાસીઓને ઊંચા સ્થાન પર ભાગવા માટે મજબૂર થવું પડ્યુ હતું. ભૂકંપના કારણે જાપ ાનના લાંબા પશ્ચિમી દરિયાકાંઠાની સાથે-સાથે પાડોસી દેશ દક્ષિણ કોરિયામાં પણ લગભગ ૧ મીટર (૩.૩ ફૂટ) ઊંચા મોજા ઉછળ્યા હતા.

જાપાન મેટ્રોલોજિકલ ઓફિસે જણાવ્યું કે, જાપાનમાં સોમવારથી લઈને અત્યાર સુધીમાં ૧૫૫ વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. તેમાં ૭.૬ની તીવ્રતાના આંચકા અને ૬થી વધુ તીવ્રતાના આંચકા સામેલ છે. જેએમએએ કહ્યું કે, મોટા ભાગના ભૂકંપની તીવ્રતા ૩થી વધુ હતી. જોકે, ધીમે-ધીમે તીવ્રતામાં ઘટાડો થયો હતો. તેમ થતાં આજે વહેલી સવારે ૬ મજબૂત આંચકા અનુભવાયા હતા. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને એક નિવેદનમાં કહ્યું કે, અમેરિકા ભૂકંપ બાદ જાપાનને કોઈપણ પ્રકારની જરૂરી મદદ કરવા તૈયાર છે. તેમણે કહ્યું, નજીકના સાથી તરીકે સંયુક્ત રાજ્ય અમેરિકા અને જાપાન મિત્રતાના ઊંડા સબંધો શેર કરે છે અમારા લોકોને એકજૂથ કરે છે. આ મુશ્કેલ સમયમાં અમારી સંવેદના જાપાની લોકોની સાથે છે.

---

મણિપુરમાં પહેલી જાન્યુઆરીએ ચાર લોકોની હત્યા કરાઈ

# મણિપુરમાં તબાહી, હત્યા અને હિંસાનો સિલસિલો ક્યારે અટકશે : પ્રિયંકા

### વડાપ્રધાન ન તો મણિપુર ગયા કે ન તો તેમણે મણિપુર વિશે વાત કરી અને ન તો તેમણે સંસદમાં જવાબ આપ્યો કે, ન તો કોઈ કાર્યવાહી કરી હોવાનો આક્ષેપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

જાતીય હિંસાની આગમાં સળગી રહેલા મણિપુરના થુબલ જિલ્લાના લિલોંગ ચિંગજાઓ વિસ્તારમાં ૧ જાન્યુઆરીના રોજ અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારી દેતા ૪ લોકોના મોત થઈ ગયા હતા.

આ વિસ્તારમાં આજે સ્થિતિ શાંત પરંતુ તણાવપૂર્ણ રહી હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખી લિલોંગ ચિંગજાઓમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરી દેવામાં આવ્યા છે. આ વચ્ચે કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ મણિપુરમાં ચાલું હિંસા પર સવાલ ઉઠાવ્યા છે. પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર કહ્યું કે, મણિપુરમાં ૪ લોકોની હત્યા કરી દેવામાં આવી છે. અનેક લોકો ઘાયલ થયા છે. અનેક જિલ્લામાં કર્ફ્યુ છે. ૮ મહિનાથી મણિપુરના લોકો હત્યા, હિંસા અને તબાહીનો સામનો કરી રહ્યા છે. આ સિલસિલો ક્યારે અટકશે? કોંગ્રેસી નેતાએ કહ્યું કે, મણિપુરની તમામ પાર્ટીઓના નેતાઓનું સંયુક્ત પ્રતિનિધિમંડળે દિલ્હી આવીને વડાપ્રધાન સાથે મુલાકાત કરવાનો સમય માંગ્યો હતો પરંતુ તેમને અત્યાર સુધી સમય ન આપ્યો. વડાપ્રધાન ન તો



મણિપુર ગયા કે ન તો તેમણે મણિપુર વિશે વાત કરી અને ન તો તેમણે સંસદમાં જવાબ આપ્યો કે, ન તો કોઈ કાર્યવાહી કરી. તેમણે કહ્યું કે શું મણિપુરને આજ નેતૃત્વ જોઈએ અથવા જાહેરાતોની તાકાત તેમને મહાન દેખાડવા માટે પર્યાપ્ત છે. પ્રિયંકાએ વધુમાં કહ્યું કે, સરકારે હવે વિલંબ કર્યા વિના મણિપુરના તમામ પક્ષો સાથે વાતચીત કરીને તેમને વિશ્વાસમાં લઈને સ્થિરતા અને શાંતિ લાવવા માટે નક્કર પગલાં ભરવાનું શરૂ કરવું જોઈએ.

## તંત્રી લેખ...

# જાપાનમાં નવા વર્ષમાં જ ભૂકંપના આંચકા

જાપાનમાં નવા વર્ષની શરૂઆત એક પછી એક જોરદાર ભૂકંપ સાથે થઈ. ૧૮ કલાકમાં ૧૫૫ આંચકા અનુભવાયા હતા. તેમાં ૭.૬ની તીવ્રતાના આંચકા અને ૬થી વધુની તીવ્રતાના આંચકાનો સમાવેશ થાય છે. મોટાભાગના ધરતીકંપોની તીવ્રતા ૩ થી વધુ હતી. મોટી વાત એ છે કે માત્ર બે કલાકમાં જ ૪૦થી વધુ આફટરશોક્સ આવ્યા હતા. ૭.૬ની તીવ્રતાના ભૂકંપના જોરદાર આફટરશોક્સ બાદ જાપાનમાં વિનાશનો ભય છે. દરિયામાં ઉંચા મોજા ઉછળી રહ્યા છે. અત્યાર સુધીમાં આઠ લોકોના મોત થયા છે. લગભગ એક લાખ લોકોને દરિયાકાંઠાના વિસ્તારોમાંથી સ્થળાંતર કરવાનો આદેશ આપ વામાં આવ્યો છે. દરિયાકાંઠાના વિસ્તારોના રહેવાસીઓને તેમના ઘરે પાછા ન ફરવાનું કહેવામાં આવ્યું હતું કારણ કે જીવલેણ મોજા હજુ પણ અથડાઈ શકે છે. સૌથી મોટો ધરતીકંપ, ૭.૬ માપવાથી જાપાનના મુખ્ય ટાપુ હોન્શુના પશ્ચિમ કિનારે આગ અને ઈમારતો ધરાશાયી થઈ હતી. જાપાનની હવામાન એજન્સીએ સોમવારે સ્થાનિક સમયાનુસાર સાંજે ૪ વાગ્યા પછી તરત જ ઈશિકાવા અને આસપાસના પ્રીફેક્ચરના દરિયાકિનારે જાપાનના સમુદ્રમાં એક ડઝનથી વધુ મજબૂત ભૂકંપની જાણ કરી હતી.. સરકારના પ્રવક્તા યોશિમાસા હયાશીએ જણાવ્યું હતું કે ભૂકંપથી ઓછામાં ઓછા છ મકાનોને નુકસાન થયું છે અને લોકો અંદર ફસાયા છે. તેમણે જણાવ્યું હતું કે ઈશિકાવા પ્રીફેક્ચરના વાજિમા શહેરમાં આગ ફાટી નીકળી હતી અને ૩૦,૦૦૦ થી વધુ ઘરો વીજળી ગુમાવ્યા હતા. હવામાન એજન્સીએ શરૂઆતમાં ઈશિકાવા માટે એક મોટી સુનામી ચેતવણી અને હોન્શુના બાકીના પશ્ચિમ કિનારા તેમજ દેશના સૌથી ઉત્તરીય મુખ્ય ટાપુ હોક્કાઈડો માટે નીચલા સ્તરની સુનામી ચેતવણી જારી કરી હતી.

# હેપ્પી ન્યુ યરને હેપ્પી બનાવવા માટે માત્ર પાર્ટી નહીં પણ પાર્ટ(પંથ) પણ યોગ્ય હોવો જોઈએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

ઈસુના આ નવા વર્ષની બોલબાલા હવે આપણાં સમાજમાં પણ વધતી જાય છે અને ઠેરઠેર ન્યુ યર પાર્ટી નું આયોજન થતું હોય છે. ત્યારે ટીન એજ સંતાનોના માતા પિતા એ સાવધાન રહેવું અને પોતાના સંતાનો ક્યાં જાય છે! શું કરે છે! એને કેવાં કેવાં ફ્રેન્ડ છે એની જાણકારી રાખવી બહુ જરૂરી છે અને એવો જ એક કિસ્સો લઈને આજે હું આવી છું. સૌજન્ય શ્રોફ એક મલ્ટીનેશનલ કંપનીમાં સારી એવી ઊંચી પોસ્ટ પર જોબ કરતા હતા અને હમણાં હમણાં જ અહીં મેટ્રોસિટીમાં પ્રમોશન લઈને આવ્યા હતાં. તેની પત્ની સોમ્યા સ્વભાવે પણ સૌમ્ય હતી આમ તો બંનેનું જીવન સાદો હતો કમાણીનો કોઈ રોફ ન હતો. અક્ષ અને આર્યા એમ બે ટીન એજ સંતાનો પણ હતાં, અને એ આજના આધુનિક યુ પ્રમાણે ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં ભણતા હતાં એટલે બહુ સ્વાભાવિક રીતે જ એમની સંગત આધુનિક પેઢીના યુવક યુવતીઓ સાથે થાય.

સૌજન્યના મિત્રો પણ એને ક્લબના મેમ્બર થવાનું વારંવાર દબાણ કરતા હતા અને ન છૂટકે એ એક કલબના મેમ્બર થયાં, એ કલબમાં ન્યુ યર નિમિત્તે એક મોટી પાર્ટીનું આયોજન થયું હતું, અને એમાં સૌજન્ય તથા એની પત્ની સોમ્યાને પણ જવાનું હતું. બંને જણા જાણતા હતા કે, આ શહેરમાં દારૂબંધી નથી, અને આ પ્રકારની પાર્ટીમાં તો એવું બધુ હશે જ ! એટલે સંતાનોને લઈ જવા કે નહીં? એ બાબત બંનેનું મન મૂંઝવણમાં હતું. બીજે દિવસે સવારે સૌજન્ય પોતાના સંતાનોને આ વાત કહેવાના હતાં, પરંતુ એ પહેલા જ અક્ષ એ કહ્યું કે મારા મિત્રના ઘરે ન્યુ યર પાર્ટી છે, અને અમને બંનેને ત્યાં આગળ ઈન્વિટેશન છે, એટલે ડેડી અમે બે ત્યાં જવા માંગીએ છીએ. સૌજન્ય ને એમ કે ૧૪-૧૫ વર્ષના ટીન એજ કિશોરોની પાર્ટીમાં તો બધી વધી વધીને પીઝા પાસ્તા અને સોફ્ટ ડ્રિંક સર્વ થશે. એટલે પોતાનો પ્રશ્ન સોલ્વ થઈ જશે, અને એમણે આસાનીથી બંનેને ત્યાં જવાની રજા આપી દીધી. નિયત સમયે અક્ષ અને આર્યા તેના મિત્ર રોની ને ત્યાં જવા નીકળ્યાં, તો આ બાજુ સૌજન્ય અને સોમ્યા પોતાની ક્લબની પાર્ટીમાં જવા નીકળ્યા. સૌજન્ય અને સોમ્યા બંને મેચ્યઓડ હતા એટલે વિવેકથી વાઈન સર્વ થતો હતો તો ના પાડી દેતા હતાં તેમજ સોફ્ટ ડ્રીંક્સ પણ લિમિટેડ લીધું.

રંગે ચંગે પાર્ટી પતાવી અને ઘરે આવ્યાં. પરંતુ હજી અક્ષ અને આર્યા આવ્યા ન હતા, ઔ એટલે સ્વાભાવિક પણે જ મા બાપ હોવાથી ચિંતા થઈ, પણ પછી મન મનાવ્યું કે ત્યાં તો ડાન્સ વગેરે થતું હોય એટલે થોડું ઘણું મોડું વહેલું થાય પરંતુ બારની બદલે એક અને એકની બદલે દોઢ થયો, છતાં એ લોકો આવ્યા નહીં, એમણે એને ફોન કરી અને તપાસ કરવા વિચાર્યું અથવા તો કેમ હજી નથી આવ્યાં એ જાણી લેવા વિચાર્યું પણ અક્ષનો ફોન સ્વીચ ઓફ થઈ ગયો, હોવાથી સદંતર બંધ આવતો હતો, અને આર્યાનો ફોન કવરેજ ક્ષેત્રની બહાર બતાવતો હતો. રોની એમનો નવો નવો ફ્રેન્ડ થયો હોવાથી, એ લોકો પાસે એના ઘરની કોઈ વિગત વગેરે નહોતો. અન્ય કોઈ મિત્ર પાસેથી એનો નંબર લઈ અથવા એ પોતે પાર્ટીમાં ગયો હતો કે નહીં એ જાણવા કોશિશ કરી પરંતુ કંઈ પરિણામ આવ્યું નહીં અને હવે બંને જણા મૂંઝાઈ ગયા કે શું કરવું? નચિકેતા સોસાયટી માં રહે છે માત્ર એટલી ખબર હતી એરિયા વગેરે કંઈ જ જાણતાં નહોતાં. અંતે એવું નક્કી થયું કે ગાડી લઈને શોધવા નીકળીએ અને બરાબર એ જ સમયે એના આંગણા સામે પોલીસની ગાડી આવીને ઊભી રહી પોલીસ ઈન્સ્પેક્ટર એ અક્ષ અને આર્યાને હાથ પકડીને ઉતાર્યા બંને જણા નશામાં હતા અને સૌજન્ય ને કહ્યું કે સારા ઘરના લાગતા હોવાથી ખાસ મૂકવા આવ્યો છું અને એવું જણાવતું હતું કે કદાચ પહેલી વાર કોઈએ ડ્રિંક્સમાં ભેળવીને પીવડાવી દીધું હશે, પણ આ ઉંમરના સંતાનોનું ધ્યાન એના માતા પિતાએ રાખવાનું હોય, એ લોકો તો આજના યુગ પ્રમાણે આવું બધું એક્સાઈમેન્ટ માટે કરે, પણ સારા નરસાની શિખામણ માતા પિતાએ આપવી જોઈએ, આમ એક નાનકડું એવું લેક્ચર આપીને પોલીસ ઈન્સ્પેક્ટર વિદાય થયાં. સૌજન્ય અને સૌમ્યા બંનેને અંદર લાવ્યા, અત્યારે એને કહેવાનો કોઈ મતલબ નહોતો એટલે કપડા બદલાવી સુવડાવી દીધા.

બીજે દિવસે સવારે બંનેનું માથું ભારે હતું, તેમજ દ્રષ્ટિમાં પણ હજી બે ત્રણ, બે ત્રણ દેખાતું હતું. સૌજન્ય એ એકદમ સહજ રીતે જ પૂછ્યું કે રોનીના ઘરે પાર્ટી કેવી રહી?: આર્યા એ કહ્યું ડેડી આઈ એમ સોરી! અક્ષ એ પણ કહ્યું ડેડી આઈ ઓલસો સોરી! સૌજન્ય એ કહ્યું કે પણ સોરી શું કામ એમણે કહ્યું કે રોનીના ઘરે પાર્ટી માત્ર અમારા ફ્રેન્ડ્સની નહોતી એ લોકોની ફેમિલી પાર્ટી હતી એ લોકો ક્રિશ્ચિયન હોવાથી દર વર્ષે એમના ફ્રેન્ડસ અને ફેમિલી મેમ્બર માટે પાર્ટી ગોઠવે છે આ વખતે રોનીએ અમને ઈન્વાઈટ કર્યા પરંતુ અમે જો એમ કહેત કે એમની ફેમિલી પાર્ટી છે તો અમને જવા નહીં મળે એટલે અમે ખોટું બોલ્યા અને ત્યાં આગળ જઈ પીત્ઝા સાથે સોફ્ટ ડ્રીંક્સ પીધું. પરંતુ રોનીએ આગ્રહ કર્યો કે બીયર પીવામાં કંઈ વાંધો નહીં એનાથી નશો નહીં થાય, છતાં અમે બંને એ ના પાડી. પણ એને આ તકનો લાભ લેવો હશે એટલે એણે સોફ્ટ ડ્રીંકમાં ભેળવી દીધું, અને બીયર નહીં પણ વાઈન મેળવ્યો હશે એટલે આર્યા ચડી ગઈ.

રોની એ મને કહ્યું ડોન્ટ વરી હું એને મારા રૂમમાં સુવાડી આવું છું અને એમ કરીને એ એને લઈને જતો હતો પણ મને કંઈક બરોબર લાગ્યું નહીં એટલે મેં કહ્યું સોરી રોની ડેડીના ફોન પર ફોન આવે છે અને હવે અમને જવું પડશે એમ કરી મેં આર્યા નો હાથ એનાં હાથમાંથી ખેંચી લીધો અને ગેઈટ તરફ દોડી ગયો! આર્યા ને તો કંઈ ભાન હતું નહીં, એટલે રોનીના કઝીન એ કહ્યું કે આવી હાલતમાં કેમ લઈ જઈશ ! ન્યુ યર થઈ જાય પછી હું ડ્રોપ કરી જઈશ! પણ ડેડી સાચું કહું મને રોની અને એના કઝીન બંનેની નિયત સારી લાગતી નહોતી એટલે હું આર્યા ને લઈને ત્યાંથી નીકળી ગયો, અને રસ્તા પર કોઈ તમાશો ન થાય એટલે એ લોકો પાછા પોતાના ઘરમાં ચાલ્યા ગયા. આર્યા ને બહુ ચડી ગઈ હતી અને એને કંટ્રોલ કરવામાં હું રોડ પર આમથી તેમ દોડાદોડી કરતો હતો અને ત્યાં પોલીસની જીપ આવીને અમને એમાં બેસાડી દીધા, પછી અમને કંઈ જ ખબર નથી પણ સવારે ઉઠ્યા ત્યારે ઘરમાં હતાં એટલે ઈનસપેક્ટર જ અમને અહીં ઉતારી ગયા હશે. સૌજન્ય એ કહ્યું, અક્ષ શું માત્ર પાર્ટી કરવાથી ન્યુ યર હેપ્પી થાય ! કે પછી એ પ થ પણ સાચો હોવો જોઈએ! સૌજન્ય શ્રોફ અને સૌમ્યા જવાબદાર માતાપિતા ન કહેવાય એમણે એના સંતાન ક્યાં જાય છે અને કોની સાથે જાય છે એની તપાસ કરવાની જરૂર હતી. બીજું કંઈ નહીં તો એક્સિડન્ટમાં બંને મરી પણ શકે! ક્યારેક આવી નાની નાની અસાવધાની જીવલેણ બની શકે! એટલે ઈશ્વરે આપણને માતાપિતા બનાવી જે જવાબદારી સોંપી છે એને નિભાવવા માટે ક્યારેક કડક વલણ પણ અપનાવવું પડે! અને આપણાં માતાપિતા એ બધું કરતાં હતાં એટલે જ આપણે અમુક સંસ્કારો હજી સાચવી શક્યા છીએ.

## જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહિડાની અધ્યક્ષતામાં વાઘોડીયા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

### આ યાત્રા થકી મોટી સંખ્યામાં લોકો વિકસિત ભારતના એમ્બેસેડર બની રહ્યા છે : જિ. પં. પ્રમુખ શ્રીમતી મહિડા



। (માહિતી) વડોદરા ।

છેવાડાના માનવી, ગરીબો અને વંચિતો સુધી સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને યોજનાકીય લાભો પહોંચાડી શકાય તેવા શુભ હેતુથી વડોદરા જિલ્લામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' પરિભ્રમણ કરી રહી છે. ત્યારે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહિડાની અધ્યક્ષતા અને સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં વાઘોડીયા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો.


મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી વાઘોડીયા સહિત અન્ય ત્રણ તાલુકાના ગામોના કાર્યક્રમમાં જોડાયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ભારત માટે પ્રેરણાદાયી સંબોધન કરી ડ્રોન ઓપરેટર અને રથચાલક સહિત વાન સ્ટાફની કામગીરીને બિરદાવી હતી. વડોદરાના ડ્રોન ઓપરેટરે મુખ્યમંત્રીશ્રી સમક્ષ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા મહિડાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે વાઘોડીયા વિકાસની દિશામાં સતત આગળ વધી રહ્યું છે. વિકસિત વાઘોડીયા થકી વિકસિત ગુજરાત અને વિકસિત ભારત બનાવવા માટે તેમણે ઉપસ્થિત સૌને સરકારની તમામ ગરીબલક્ષી અને કલ્યાણકારી યોજનાનો મહત્તમ લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જ્યાં જ્યાં રથ પહોંચે છે ત્યાં સરકારની ૧૭ થી વધારે યોજનાઓનો લાભ ગરીબો-વંચિતોને ઘેરબેઠા મળે છે, તે સુશાસનનો અર્થ અને વિકાસનો માર્ગ છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ઉત્સાહભેર જોડાઈને મોટી સંખ્યામાં લોકો વિકસિત ભારતના એમ્બેસેડર બની રહ્યા હોવાનું તેમણે ગર્વભેર જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે વાઘોડીયાને નગર પાલિકા બનાવવા બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ગરીબ પરિવારોને તકલીફ ન પડે તેને કેન્દ્રમાં રાખીને 'જનસેવા એ જ પ્રભુસેવા'ના મુખ્ય ધ્યેય સાથે વિકસિત ભારત સંકલ્પ યાત્રા સતત આગળ વધી રહી છે, તેમ જણાવી સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે વાઘોડીયાવાસીઓને નવી નગરપાલિકાની મંજૂરી બદલ અભિનંદન પાઠવ્યા હતા. શ્રીમતી ભટ્ટે પાત્રતા ધરાવતા નાગરિકોને યોજનાકીય લાભોથી લાભાન્વિત થઈને વિકસિત ભારતની યાત્રામાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

કલેક્ટરશ્રી અતુલ ગોરે આ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી સરકારની તમામ ગરીબલક્ષી યોજનાઓને જિલ્લામાં સેચ્યુરેશન પોઈન્ટ સુધી લઈ જવાનો સફળ પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. જરૂરિયાતમંદ લોકોને વિવિધ યોજનાકીય લાભોથી લાભાન્વિત કરી તેઓનું જીવનધોરણ સુધારવાનો વિકસિત ભારત યાત્રાનો મુખ્ય આશય હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં સૌપ્રથમ વાઘોડીયાની મહિલાઓ તેમજ મહાનુભાવો દ્વારા રથનું ઉર્જાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીં વિનામૂલ્યે આરોગ્યની તપાસ, આયુષ્માન ભારત કાર્ડ, આવાસ યોજના તેમજ ઉજ્જવલા યોજના સહિત વિવિધ યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરી યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. સેવા સેતુ કાર્યક્રમ ઉપરાંત આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વીવીપેટ નિદર્શન માટે પણ સ્ટોલ રાખવામાં આવ્યો હતો. આ સાથે જ નજીકના ખેતરમાં ખેડૂતોની જાગૃતિ માટે ડ્રોન નિદર્શન અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે વાર્તાલાપ પણ યોજાયો હતો.

# સત્ત્વગુણ શુદ્ધ આહાર, શુદ્ધ આચાર, શુદ્ધ વિચારથી વધે છે, જ્ઞાનની પ્રાપ્તિ શરીરમાં સત્ત્વગુણ વધવાથી થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



મનુષ્યના શરીરમાં નવ છિદ્રો છે. તે વાટે જ્ઞાન બહાર નીકળી જાય છે. ઈન્દ્રિયોમાંથી જ્ઞાન બહાર ન નીકળી જાય તે માટે ઈન્દ્રિયોને ઈશ્વરને માર્ગે વાળો. ઈન્દ્રિયોનો નિરોધ કરો અને ઈન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળો. તૃતીય સ્કંધમાં બે પ્રકરણો છેઃ પૂર્વ મિમાંસા અને ઉત્તર મિમાંસા. પૂર્વ મિમાંસામાં વરાહનારાયણની અવતારની કથા કહી છે. ઉત્તર મિમાંસામાં કપિલ નારાયણના ચરિત્રનું વર્ણન કર્યું છે. યજ્ઞ કર્યા વગર કપિલ નારાયણની વિદ્યા બુદ્ધિમાં સ્થિર થતી નથી. કાયા, વાણી, મનથી કોઈને દુભાવવું નહીં તે યજ્ઞ છે. સત્ય બોલવું તે પણ યજ્ઞ છે. સદાસર્વદા પ્રસન્ન રહેવું એ પણ યજ્ઞ છે. યજ્ઞ વિના, સત્કર્મ વિના ચિત્તશુદ્ધિ થતી નથી અને ચિત્ત શુદ્ધિ વગર જ્ઞાન ટકતું નથી. માનવશરીર એ ઘડો છે. આ ઘડાને નવ છિદ્રો છે. ઘડામાં છિદ્રો હોય તો ઘડો ભરાય નહીં.

એક-એક છિદ્રમાંથી અનેક વખત વિકાર વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે. જ્ઞાન થવું એ અઘરું નથી, પણ આવેલું જ્ઞાન ટકતું નથી. જ્ઞાનને ટકાવવા ઈન્દ્રિયોમાંથી વહી જતી બુદ્ધિશક્તિને અટકાવ વાની છે.જ્ઞાનીઓ ઈન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવે છે. ત્યારે વૈષ્ણવો તેને પ્રભુના માર્ગ માં વાળે છે. આજે જ્ઞાન બધું પુસ્તકમાં રહ્યું છે, મસ્તકમાં રહ્યું નથી. પુસ્તકોની પાછળ પડે એ વિદ્વાન અને પ્રભુ પ્રેમમાં પરમાત્મા ની પાછળ પડે તે સંત. વિદ્વાન શાસ્ત્ર પાછળ દોડે છે, ત્યારે શાસ્ત્ર સંતની પાછળ દોડે છે. શાસ્ત્રો વાંચીને જે બોલે તે વિદ્વાન, પ્રભુને રિઝવીને પ્રભુપ્રેમ માં પાગલ થયેલો જે બોલે તે સંત. ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્ત્વિક ભાવ જાગે, મન શુદ્ધ થાય, એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે. મીરાંબાઈ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયાં નથી. તુકારામ મહા રાજ પણ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયા નથી. જ્ઞાનનો શત્રુ છે હિરણ્યાક્ષ. ભાગવતમાં જે અવતારનો ક્રમ બતાવ્યો છે તેમાં પહેલાં હિરણ્યા ક્ષનો વધ, પછી કપિલ ભગવાન આવે છે. તમારા મનને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ-સુખ આપ્યાં છે તેને હું લાયક છું કે નહીં? તો જવાબ મળશે કે લાયક નથી. એટલા માટે થાય છે કે, મનુષ્ય માને છે કે પ્રભુએ મને ઓછું આપ્યું છે. સ્વયંભુવ મનુની રાણીનું નામ શતરૂપા. મનુ મહારાજને ત્યાં બે બાળકો થયાં. તેમનાં નામો પ્રિયવ્રત અને ઉત્તાનપાદ, ત્રણ કન્યાઓ થઈ. તેમનાં નામો આકૃતિ, દેવહુતિ તથા પ્રસૂતિ. તેમાં આકૃતિ રુચિને, દેવકૃતિ કર્દમને અને પ્રસૂતિ દક્ષને પરણાવી. દેવહુતિનું લગ્ન કર્દમઋષિ સાથે થયું હતું. તેમને ત્યાં કપિલ ભગવાન પધાર્યા. વિદુરજી પ્રશ્ન કરે છે કે, હે મૈત્રેયજી, આ કપિલ ભગવાનની કથા મને કહો. મૈત્રેયજી કહે છે, કપિલ બ્રહ્મજ્ઞાન નું સ્વરૂપ છે. કર્દમ થશો તો તમારે ઘરે કપિલ આવશે. કર્દમ એટલે કરદમ. ઈન્દ્રિયોનું દમન કર. ઈન્દ્રિ યોનું દમન કરે એ કર્દમ. કર્દમ એટલે જિતેન્દ્રિય. શરીરમાં સત્ત્વ ગુણની વૃદ્ધિ થાય એટલે આપો આપ જ્ઞાનનો ઝરો ફૂટે છે, જ્ઞાન પ્રગટે છે. જ્ઞાનની પ્રાપ્તિ શરીરમાં સત્ત્વગુણ વધવાથી થાય છે. સત્ત્વગુણ શુદ્ધ આહાર, શુદ્ધ આચાર, શુદ્ધ વિચારથી વધે છે. સંયમથી-સદાચારથી સત્ત્વગુણ વધવાથી અંદરથી જ્ઞાન સ્ફુરણ થાય છે. જીભ સુધરે તો જીવન સુધરે છે. લૂલી માગે તે તેને આપશો નહીં. બે-ચાર મિનિટમાં ઊંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો. જિતેન્દ્રિય થવા માટે સરસ્વતીના કિનારે રહેવું પડશે. સરસ્વતીનો કિનારો એટલે સત્કર્મનો કિનારો. યમુનાજી ભક્તિનું સ્વરૂપ છે. ગંગા જ્ઞાનનું અને સરસ્વતી સત્કર્મનું સ્વરૂપ છે.લક્ષ્ય વગરનો આદમી સઢ વગરના વહાણ જેવો છે. કર્દમ જિતેન્દ્રિય મહાત્મા છે. તેમણે ખૂબ તપશ્ચર્યા કરી. શરીરમાં હાડકાં જ બાકી રહ્યાં છે. કર્દમની તપશ્ચર્યા જોઈ પ્રભુ પ્રસન્ન થયા. આંખમાંથી હર્ષના આંસુ નીકળ્યાં. તેનું થયું બિંદુ સરોવર. સિદ્ધપુરની જાત્રા વખતે આ બિંદુ સરોવરમાં સ્નાન કરવું પડે છે. તમે ખૂબ ધ્યાન કરશો તો ભગવાન તમારા ઉપર પ્રસન્ન થશે, તમને દર્શન આપશે. ભગવાનનું ધ્યાન ન થાય તો વાંધો નહીં, પણ સાવધાન રહેજો કે તમારું મન સંસારના વિષયોમાં સ્થિર ન થાય. આંખ રતનનું જતન કરજો. આંખની શક્તિ વેડફી નાંખશો નહીં.

સંસારનું સૌંદર્ય ક્ષણિક છે. પૈસા વધે એટલે લોકોમાં વિવેક રહેતો નથી. જગતની કોઈ વસ્તુ સુંદર નથી. વિકાર આંખમાં છે એટલે વસ્તુ સુંદર લાગે છે. મનુષ્ય સૌંદર્ય પાછળ પાગલ બને છે, પણ એ જે વ્યક્તિના સૌંદર્ય પાછળ પાગલ બન્યો હોય તેના મોઢા ઉપર બળિયા આવી જાય, તો તેનું મોઢું ગમતું નથી. શરીરની સુંદરતા નહીં, હૃદયની સુંદરતા જુઓ. જગત કરતાં પણ જગતનો સર્જનહાર સુંદર છે.લોકો સૌંદર્ય જોવા કાશ્મીર જાય છે, પણ કાશ્મીર બનાવનાર મારો શ્યામસુંદર કેટલો સુંદર હશે? એ તો નિત્યસુંદર છે તેવું માનજો.ઠાકોરજીનાં દર્શન કરવાથી આંખ સફળ થાય છે. કર્દમ કહે છે, મહારાજ, તમારાં દર્શન કરવાથી મારી આંખ સફળ થઈ છે. નાથ તમને પ્રાપ્ત કરી સંસારસુખની માગણી કરે તે મૂર્ખ છે.પણ બ્રહ્મા જીએ આજ્ઞા કરી છે, તેથી લગ્ન કરવાની ઈચ્છા થઈ છે. મને પત્ની જોઈતી નથી. મારે ઘરમાં સત્સંગ જોઈએ છે. સ્ત્રીસંગ એ કામસંગ નહીં પણ સત્સંગ છે. ધર્મમાં આચરણ માટે પત્ની છે એટલે તો પત્નીને ધર્મપત્ની કહી છે. એકલો પુરુષ કે એકલી સ્ત્રી ધર્મમાર્ગમાં આગળ વધી શકતા નથી.એકલી નાવડી સંસાર સાગર પાર કરી શકે નહીં. એકલો નાવિક પણ સંસારસાગર પાર કરી શકે નહીં. સ્ત્રી એ નાવડી અને પુરુષ એ નાવિક છે. એકને બીજાનો સાથ જોઈએ. પુરુષમાં વિવેક હોય છે અને સ્ત્રીમાં સ્નેહં. વિવેક અને સ્નેહ મળશે તો ભક્તિ પ્રગટ થાય છે.પુરુષએ જ્ઞાનસ્વરૂપ છે. સ્ત્રીનું હૃદય કોમળ હોવાથી તે સમર્પણ કરે છે. સ્ત્રી એ ક્રિયાશક્તિ છે. ઘણાંને આશ્ચર્ય થશે કે, કર્દમે આટલાં વર્ષોની તપશ્ચર્યા કરી ભગવાન પાસે મુક્તિ કેમ ન માગી? કર્દમે વિચાર્યું કે, હજારો જન્મોની કામવાસનાઓ સુષુપ્ત રીતે મનમાં રહેલી હોય છે, તેને સંતોષી મનુષ્ય ઉપર જે ત્રણ પ્રકારનાં ઋણ હોય છે, તેમાંથી મુક્ત થવું સારું અને તે પછી મુક્તિની ઈચ્છા રાખવી.


ભગવાને કહ્યું, બે દિવસ પછી મનુમહારાજ તમારી પાસે આવશે અને પોતાની પુત્રી દેવહુતિ તમને આપશે. હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ. જગતને મારે સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કરવાનો છે. એવું કહી શ્રીહરિ ત્યાંથી વિદાય થયા. પતિ-પત્ની પવિત્ર જીવન ગાળે તો ભગવાનને ઈચ્છા થાય કે, હું તેમને ત્યાં જન્મ લઉં.નારદજી મનુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું, તમે કર્દમને કન્યાદાન કરો. મનુમહારાજ, શતરૂપા અને દેવ હુતિ સાથે કર્દમઋષિના આશ્રમ માં આવે છે.કર્દમ વિવેકથી દેવ હુતિની પરીક્ષા કરે છે.કર્દમ ઋષિ એ ત્રણ આસનો બિછા વ્યાં છે,તે ઉપર બધાંને બેસવા કહે છે. મનુ, શતરૂપા બેસે છે.દેવહુતિ બેસતાં નથી. કર્દમે કહ્યું, આ ત્રીજું આસન દેવી તમારા માટે છે! દેવહુતિએ વિચાર કર્યો કે,ભવિષ્યમાં આ મારા પતિ થવાના છે.

પતિએ પાથરેલ આસન ઉપર બેસું એ મારો ધર્મ નથી અને જો ન બેસું તો આસન આપનારનું અપમાન થાય છે. તેથી ? દેવહુતિ જમણો હાથ આસન ઉપર રાખી આસન ની બાજુમાં બેસે છે. બિચારી જૂના જમાનાની હતી. આજકાલની હોત તો આસન ઉપર પહેલેથી જ જમાવી દેત. હાલમાં તો પત્નીઓ પતિઓને બાબાને ઝુલાવવાનો હુકમ કરે છે. છોકરાંઓને પતિને સોંપીને ફરવા નીકળી જાય છે.આર્યનારીના સાચા સંસ્કાર આજે ભૂલાતા જાય છે. આજે છોકરીઓની પરીક્ષા કરવાની રીતો જુદી બનતી જાય છે. કર્દમ વિચારે છે, છોકરી છે તો લાયક, લગ્ન કરવામાં હરકત નથી. મનુમહારાજે કહ્યું, આ કન્યા હું આપને અર્પણ કરવા આવ્યો છું. કર્દમઋષિ બોલે છે, લગ્ન કરવાની મને ઈચ્છા છે. લગ્ન પહેલાં હું એક પ્રતિજ્ઞા કરવાનો છું. મારાં લગ્ન વિલાસ માટે નથી, પણ કામનો વિનાશ કરવા માટે છે. કામનો વિકાસ નહીં પણ કામનો વિનાશ એ મારા લગ્નનું પ્રયોજન છે. એટલે એક પુત્ર થયા પછી હું લૌકિક સંબંધનો ત્યાગ કરીશ અને સંન્યાસ લઈ લઈશ. કન્યાદાનના મંત્રમાં સંતતિ માટે લખ્યું છે, સંતતિઓ માટે એવું નથી લખ્યું, માટે શાસ્ત્રમાં પહેલા પુત્રને જ ધર્મપુત્ર કહ્યો છે. ધર્માચરણ નહીં કે કામાચરણ માટે લગ્ન છે. પિતા પુત્રને કહે છે, તું મારો આત્મા છે.એક પુત્ર થયા પછી પત્ની માતા જેવી બને છે. કામ ઈશ્વર જેમ વ્યાપક થવા માગે છે. તેને એક સ્ત્રીમાં સંકુચિત કરી નાશ કરવા લગ્ન કરવાનું છે. લગ્નમાં સાવધાન શબ્દનો ઉચ્ચાર કરવામાં આવે છે. કારણ બધા જાણે છે કે, લગ્ન કર્યા પછી એ સાવધ રહેવાનો નથી. લગ્ન કર્યા પછી સાવધ રહે તે જીત્યો અથવા જે પહેલા સાવધાન થયો તે જીત્યો.

# તૃપ્તિ ડિમરીએ રણબીર કપૂરને ખૂબ જ સપોર્ટિવ કો એક્ટર ગણાવ્યો અને તેના ખૂબ વખાણ પણ કર્યા

રણબીર કપૂર સ્ટારર એનિમલની રિલીઝ બાદથી તૃપ્તિ ડિમરી ચારેતરફ વાહવાહી લૂંટી રહી છે. ૨૦૨૩માં ગૂગલથી લઈને ઈંસ્ટાગ્રામ સુધી તૃપ્તિ છવાયેલી રહી. એનિમલમાં ભલે તૃપ્તિની ભૂમિકા નાની રહી હોય, પણ આ નાના એવા રોલના કારણે તે સોશિયલ મીડિયા પર સનસની બનીને છવાઈ ગઈ. ફિલ્મમાં રણબીપ કપૂર સાથે તેની શાનદાર કેમિસ્ટ્રી અને ઈંટીમેટ સીન્સે દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે.

જેના કારણે તેના ઈંસ્ટાગ્રામ ફોલોઅર્સની સંખ્યા ઝડપથી વધી ગઈ. ફિલ્મમાં પોતાના જબરદસ્ત પરફોર્મેંસ બાદ હવે ઈન્ટરનેટ માટે તૃપ્તિ ભારતની નવી નેશનલ ક્રશ બની ચુકી છે અને સોશિયલ મીડિયા પર તેને ભાભી- ૨ કહીને લોકો બોલાવી રહ્યા છે. ખાસ કરીને તૃપ્તિ પોતાના અને રણબીર કપૂર પર ફિલ્માવેલા ઈંટીમેટ સીનને લઈને સૌથી વધારે ચર્ચામાં છે. જ્યારે તેને પુછવામાં આવ્યું કે, શું તેણે રણબીરને પોતાના આકર્ષણ વિશે બતાવ્યું છે. તો તેણે કહ્યું કે, હું તેની આજુબાજુમાં ખૂબ જ ગભરાતી હતી (હસતા હસતા કહી રહી છે), મેં તેને ફક્ત એટલું જ કહ્યું હતું કે, તે મારો પસંદગીનો એક્ટર છે. તૃપ્તિએ રણબીરને ખૂબ જ સપોર્ટિવ કો એક્ટર ગણાવ્યો અને તેના ખૂબ વખાણ પણ કર્યા. ખાસ કરીને સોંગ પહેલી ભી મેંના ઈંટીમેટ સીન્સના શૂટીંગ દરમ્યાન રણબીરનો વ્યવહાર તૃપ્તિને ખૂબ જ પસંદ આવ્યો. અભિનેત્રીએ કહ્યું કે, જ્યારે આપને કો સ્ટાર તમારા પર એટલો વિશ્વાસ કરે છે, આપનું ધ્યાન રાખે છે, તો સાચે જ આપને ખૂબ જ મદદ મળે છે. તમારે આવા સીન્સને કરવા માટે સહજ થવાનું હોય છે. સંદીપ (રેડ્ડી વાંગા) સર, રણબીર અને ડીઓપીએ મને કહ્યું કે, જ્યારે પણ તમે અનકંફર્ટેબલ હોવ, તો તમારે ફક્ત અમને કહેવાનુ અને અમે ખાતરી આપી છું કે, આપને એવો અનુભવ થવા દઈશું નહીં. તૃપ્તિએ આગળ કહ્યું કે, આ સત્ય ખૂબ જ જરુરી છે કે, તમે એવા માહોલમાં હોવ જ્યાં લોકો એક વ્યક્તિ તરીકે આપની રિસ્પેક્ટ કરે છે, આપની પસંદનો ખ્યાલ રાખે છે. આ ખાસ ક્ષણમાં તમે શું કરો છો, કેવો અનુભવ કરો છો, તેનું સન્માન કરે છે.



# નિક્કી તંબોલીએ હાઇ સ્લિટ ડ્રેસમાં ફ્લોન્ટ કર્યા ટોન્ડ લેગ્સ

**બિગ બોસ ફેમ નિક્કી તંબોલીની હાલમાં કેટલીક તસવીરો વાયરલ થઇ રહી છે, આ તસવીરોમાં નિક્કીનો બોલ્ડ અંદાજ જોવા મળી રહ્યો છે**



બિગ બોસ ૧૪માં ધમાલ મચાવનાર નિક્કી તંબોલી પોતાનો સોશિયલ મિડીયા પોસ્ટને કારણે ચર્ચામાં બની રહે છે. નિક્કી તંબોલી પોતાના બોલ્ડ અંદાજ માટે ફેમસ છે. બોલ્ડનેસના મામલમાં નિક્કી તંબોલ અનેક એક્ટ્રેસને પાછી પાડે છે. નિક્કી તંબોલીની અનેક તસવીરો સોશિયલ મિડીયામાં વાયરલ થતી હોય છે. જો કે હાલમાં નિક્કી તંબોલીની કેટલીક લેટેસ્ટ તસવીરો સામે આવી છે જેમાં તમે એનો હોટ લુક જોઇ શકો છો. નિક્કી તંબોલીની આ લેટેસ્ટ તસવીરો હાલમાં આગની જેમ વાયરલ થઇ રહી છે. સામે આવેલી આ તસવીરોમાં નિક્કી તંબોલી હાઇ સ્લિટ ડ્રેસમાં જોવા મળી રહી છે. નિક્કીનો આ અંદાજ એકદમ બોલ્ડ લાગી રહ્યો છે. જો કે હાલમાં નિક્કી તંબોલીની આ તસવીરો જોઇને ફેન્સ ફિદા થઇ ગયા છે. લેટેસ્ટ તસવીરોમાં તમે જોઇ શકો છો કે નિક્કી તંબોલી હાઇ સ્લિટ ડ્રેસમાં પોતાના ટોન્ડ લેગ્સ ફલોન્ટ કરતી જોવા મળી રહી છે. નિક્કીની આ તસવીરો ફેન્સને ઘાયલ કરી દે એવી છે. નિક્કી આ ટાઇપ્સના કપડા પહેરીને કેમેરામેનની સામે એકથી એક ચઢીયાતા પોઝ આપી રહી છે. આમ વાત કરવામાં આવે તો બિગ બોસ ફેમ નિક્કી તંબોલીની દરેક અદાઓ પર ફેન્સ ફિદા થઇ જાય છે. એક્ટ્રેસનો કોઇ પણ લુક ઇન્ટરનેટ પર ચર્ચાનો વિષય બની જાય છે. નિક્કી તંબોલી ફેન્સ માટે અવારનવાર તસવીરો શેર કરતી રહેતી હોય છે. નિક્કી તંબોલી અલગ-અલગ આઉટફિટ્સમાં ફેન્સ માટે તસવીરો શેર કરતી રહેતી હોય છે. જો કે નિક્કી તંબોલીની અનેક તસવીરો પર ફેન્સ મન ભરીને કોમેન્ટ્સ કરતા હોય છે. ઘણી વાર પોતાની હોટ તસવીરોને લઈને ટ્રોલ પણ થતી હોય છે. નિક્કી તંબોલી પોતાની બોલ્ડનેસને કારણે જાણીતી છે. નિક્કીની આ તસવીર જોઇને તમને પણ એવું લાગશે કે જાણે ઉર્ફી જાવેદને પણ ટક્કર આપતી હોય છે.

# વિદ્યા બાલનને પનોતી કહીને તેની પાસેથી ૧૨ ફિલ્મો છીનવી લીધી

**વિદ્યા બાલને હાર માની નહીં, વિદ્યા બાલને વર્ષ ૨૦૦૩માં ભલો થેકો અને કલારી વિક્રમણ ફિલ્મોમાં કામ કર્યું હતું**









આ વાતનો ખુલાસો વિદ્યા બાલને પોતે કર્યો છે. CurlyTales નામની યુટ્યુબ ચેનલ પર વાત કરતી વખતે વિદ્યા બાલને આ વિશે ખુલીને વાત કરી હતી. વિદ્યાએ કહ્યું હતું કે, 'મારી પ્રથમ ફિલ્મ ચક્રનું શૂટિંગ થવાનું હતું. પરંતુ આ ફિલ્મ અધવચ્ચે જ બંધ થઈ ગઈ.

જો કે, આ ફિલ્મની રિલીઝ પહેલાં મારી પાસે ૧૨ ફિલ્મો હતી. મેં ૧૨ ફિલ્મો સાઈન કરી હતી અને શૂટિંગ શરૂ થવાનું હતું. પરંતુ સેટ પર નિર્માતાએ મને 'પનોતી' કહીને બહાર કાઢી. આ પછી મારા હાથમાંથી એક જ વારમાં ૧૨ ફિલ્મો છીનવાઈ ગઈ. જો કે, ત્યારબાદ વિદ્યા બાલને હાર માની નહીં. વિદ્યા બાલને વર્ષ ૨૦૦૩માં 'ભલો થેકો' અને 'કલારી વિક્રમણ' ફિલ્મોમાં કામ કર્યું હતું. પરંતુ ૨૦૦૫માં રિલીઝ થયેલી બોલિવૂડ ફિલ્મ 'પરિણીતા'એ વિદ્યા બાલનની પ્રતિભાને લોકો સુધી પહોંચાડી હતી. વિદ્યા બાલનની ફિલ્મની ખૂબ પ્રશંસા થઈ હતી અને તે બોક્સ ઓફિસ પર સુપરહિટ પણ રહી હતી. ૨૫ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે ૩૨.૬૩ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મે વિદ્યાની કારકિર્દીના તમામ દરવાજા ખોલી દીધા. ત્યારપછી વિદ્યા બાલનના ખાતામાં બોલિવૂડ ફિલ્મોની કતાર લાગી ગઈ હતી. ૨૦૦૬માં રિલીઝ થયેલી ફિલ્મ 'લગે રહો મુન્ના ભાઈ'ના બોક્સ ઓફિસ પર તોફાન સાથે વિદ્યા સુપરસ્ટાર હિરોઈન પણ બની હતી. હવે 'પનોતી' ટેગ ભૂતકાળની વાત હતી.

આ પછી વિદ્યાએ ક્યારેય પાછું વળીને જોયું નથી. વિદ્યા બાલને વર્ષ ૨૦૧૨માં નિર્માતા સિદ્ધાર્થ રોય કપૂર સાથે લગ્ન કર્યા હતા. વિદ્યા બાલન જેને એક સમયે પનોતી કહીને ૧૨ ફિલ્મોમાંથી દૂર કરવામાં આવી હતી તે આજે ૨૦૪ કરોડ રૂપિયાની માલિક છે અને તેને એક્ટિંગની રાણી પણ કહેવામાં આવે છે.

હવે વિદ્યા બાલન તેની ઈચ્છા મુજબ ફિલ્મો સાઈન કરે છે અને પડદા પર શક્તિશાળી પાત્રો ભજવીને ઘણી વાહવાહી મેળવે છે. વિદ્યા બાલન વર્ષ ૨૦૨૩માં ફિલ્મ નીતામાં જોવા મળી હતી. આ સિવાય વિદ્યા પાસે હાલમાં ૨ ફિલ્મો છે જે નજીકના ભવિષ્યમાં રિલીઝ થવાની તૈયારીમાં છે.



# શું ખરેખર શિખર પહાડિયાને ડેટ કરી રહી છે જાહ્નવી કપૂર?

**જાહ્નવી શોમાં તેના કાકા અનિલ કપૂરની નકલ કરતી જોવા મળી હતી, ત્યારે ખુશી કપૂરે પણ તેના ડેટિંગના સમાચાર પર પ્રતિક્રિયા આપી**

કરણ જોહરનો ટોક શો કોફી વિથ કરણ ૮ આ દિવસોમાં દરેક જગ્યાએ ચર્ચામાં છે. અત્યાર સુધી ઘણા સેલેબ્સ આ શોમાં આવી ચુક્યા છે અને તેમની પ્રોફેશનલ લાઈફ તેમજ પર્સનલ લાઈફ સાથે જોડાયેલા ઘણા રહસ્યો જાહેર કર્યા છે. દરમિયાન, જાહ્નવી કપૂર અને ખુશી કપૂર શોના આગામી એપિસોડમાં જોવા મળશે. આ એપિસોડનો લેટેસ્ટ પ્રોમો પણ રિલીઝ થઈ ગયો છે. આ દરમિયાન કરણે જહાન્વીને રેપિડ ફાયર રાઉન્ડમાં પોતાની દિલની વાત બહાર કઢાવી હતી. કરણ જોહરે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એપિસોડનો પ્રોમો શેર કર્યો છે. આ વીડિયોમાં કરણ કપૂર બહેનો જાહ્નવી અને ખુશીનું સ્વાગત કરતો જોવા મળે છે. પ્રોમોની શરૂઆતમાં કરણ જાહ્નવી અને ખુશી સાથે મસ્તી કરતો જોવા મળે છે. જ્યારે જાહ્નવી શોમાં તેના કાકા અનિલ કપૂરની નકલ કરતી જોવા મળી હતી, ત્યારે ખુશી કપૂરે પણ તેના ડેટિંગના સમાચાર પર પ્રતિક્રિયા આપી છે. આ સમય દરમિયાન જાહ્નવી તેના રુમર્ડ બોયફ્રેન્ડ શિખર પહાડિયા વિશે કંઈક કહ્યું, જેના પછી તેમના સંબંધો પર મહોર લાગી રહી છે. ખરેખર, રેપિડ ફાયર રાઉન્ડમાં કરણ જાહ્નવીને પૂછે છે કે તેના ફોનના સ્પીડ ડાયલ લિસ્ટમાં ૩ ટોપ કોન્ટેક્ટ છે. આના જવાબમાં જહાન્વી કહે છે કે પહેલા નંબર પર પપ્પા, ખુશુ અને શિખુ (શિખર પહાડિયા) બીજા નંબરે આવે છે. આ દરમિયાન અભિનેત્રી શરમાતી જોવા મળે છે. આ સાંભળીને કરણ પણ ખુશીથી નાચવા લાગ્યો. તમને જણાવી દઈએ કે આ એપિસોડ ગુરુવારે Disney Plus Hotstar પર સ્ટ્રીમ થશે. કરણ જોહરે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ચેટ શોના આગામી એપિસોડનો જાન્હવી અને ખુશી કપૂરનો વીડિયો શેર કર્યો છે.








# શોર્ટ ડ્રેસમાં લાગી ખૂબસુરત

**ફૂલોની માળા પહેરીને અભિનેત્રીએ ખુલ્લા વાંકડિયા વાળ અને ન્યૂડ મેકઅપ સાથે પોતાનો ક્યૂટ લુક પૂરો કર્યો છે**

રકુલ પ્રીત સિંહ ટૂંક સમયમાં તેના બોયફ્રેન્ડ અને એક્ટર જેકી ભગનાનીની દુલ્હન બનવા જઈ રહી છે. આ દરમિયાન તે બીચ પર ફૂલોની માળા પહેરીને પોઝ આપતી જોવા મળી હતી. અભિનેત્રી રકુલપ્રીત સિંહ આ દિવસોમાં વેકેશન પર છે. જે હાલમાં જ બીચ પર ન્યૂ યર સેલિબ્રેટ કરતી જોવા મળી હતી. રકુલપ્રીત સિંહે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેની કેટલીક તસવીરો શેર કરી છે. જેમાં તે શોર્ટ ડ્રેસ અને ગળામાં ફૂલોની માળા પહેરીને બીચ પર પોઝ આપી રહી છે.

અભિનેત્રીએ ખુલ્લા વાંકડિયા વાળ અને ન્યૂડ મેકઅપ સાથે પોતાનો ક્યૂટ લુક પૂરો કર્યો છે. તેની સ્મિત પણ ફોટામાં આકર્ષણ વધારી રહી છે. અહેવાલો અનુસાર, અભિનેત્રી જાન્યુઆરીમાં જ તેના લાંબા સમયથી બોયફ્રેન્ડ અને અભિનેતા જેકી ભગનાની સાથે લગ્ન કરવા જઈ રહી છે. રકુલ અને જેકી ભગનાની લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યાં છે. બંને ઘણીવાર સાથે પાર્ટી કરતા જોવા મળે છે. આ સિવાય આ કપલ સોશિયલ મીડિયા દ્વારા એકબીજા પર ખુલ્લેઆમ પ્રેમ વરસાવતા પણ જોવા મળે છે.




# રજનીકાંત ૭૪ વર્ષની ઉંમરે પણ લીડ હીરો બનીને આપી સુપરહિટ ફિલ્મ

**આજે પણ દક્ષિણ ભારતમાં લોકો રજનીકાંતને મસીહા માને છે, સિનેમાના આ લેજેન્ડને બોલિવૂડના ઘણા સ્ટાર્સ પણ નમન કરે છે**

રજનીકાંતની ઉંમર ઢળી પરંતુ કરિયર પર તેની કોઇ અસર ન થઈ. રજનીકાંત જેલર ફિલ્મમાં હીરો તરીકે આવ્યા અને મોટા-મોટા હીરોની હવા કાઢીને ૬૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી લાવ્યા. ડાયરેક્ટર નેલસન દિલીપ કુમારની આ ફિલ્મમાં ૭૪ વર્ષના રજનીકાંતે લીડ રોલ કર્યો હતો. જેલર ૨૦૨૩ની સૌથી વધુ કમાણી કરનારી ટોપ-૫ ફિલ્મોમાં સામેલ રહી છે. રજનીકાંતે તેની પહેલા ૨૦૨૧માં પણ હીરો તરીકે ફિલ્મ અન્નાથી કરી હતી.

આ ફિલ્મે પણ બોક્સ ઓફિસ પર તહેલકો મચાવ્યો હતો. રજનીકાંતની કરિયર જર્ની પણ ખૂબ જ રસપ્રદ રહી છે. વર્ષ ૧૯૭૫માં ફિલ્મ 'અપૂર્વા રાગાંગલ'થી રજનીકાંતે પોતાના કરિયરની શરૂઆત કરી હતી. તેની પહેલા રજનીકાંત બસમાં કંડક્ટરનું કામ કરતાં હતાં. પોતાના ખાસ અંદાજમાં યાત્રીઓની ટિકિટ કાપનાર રજનીકાંત ખૂબ જ ફેમસ કંડક્ટર હતાં. તે બાદ રજનીકાંતે ફિલ્મોની યાત્રા શરૂ કરી અને થોડા જ વર્ષોમાં સુપરસ્ટાર બની ગયાં.

હવે રજનીકાંત દેશના એકમાત્ર સુપરસ્ટાર છે જે ૭૪ વર્ષની ઉંમરમાં પણ હીરો તરીકે ફિલ્મો રિલીઝ કરાવે છે. ચોંકાવનારી વાત એ છે કે ૭૪ વર્ષની ઉંમરમાં પણ રજનીકાંતનો જલવો ઓછો નથી થયો. આજે પણ દક્ષિણ ભારતમાં લોકો રજનીકાંતને મસીહા માને છે. આજે પણ દક્ષિણ ભારતમાં લોકો રજનીકાંતને મસીહા માને છે, સિનેમાના આ લેજેન્ડને બોલિવૂડના ઘણા સ્ટાર્સ પણ નમન કરે છે. સિનેમાના આ લેજેન્ડને બોલિવૂડના ઘણા સ્ટાર્સ પણ નમન કરે છે. શ્યામ વર્ણ, ઓછા વાળ અને વૃદ્ધ ચહેરો પણ જ્યારે સ્ક્રીન પર હીરો બને છે તો પબ્લિક મન ભરીને સીટીઓ મારે છે. રજનીકાંતના ક્રેઝનો એક પુરાવો એ છે કે તેના નામે મંદિર પણ બનેલા છે. ઉંમર ઢળી પણ કરિયર નહીં! રજનીકાંતની દિવાનગી ફિલ્મની રિલીઝ પહેલા જ જોવા મળે છે. થિયેટર્સમાં રજનીકાંતના પોસ્ટર્સ પર ફેન્સ આજે પણ રિલીઝ પહેલા દૂધથી અભિષેક કરતાં જોવા મળે છે. ૭૪ વર્ષના સુપરસ્ટાર રજનીકાંત આજે પણ લીડ હીરોમાં સારા-સારા યંગસ્ટર્સને ધૂળ ચટાડે છે.



# પી.એમ સ્વનિધી યોજનાના લાભાર્થીઓને રૂ.૫૭ કરોડથી વધુના લાભ અપાયા

## ડિજીટલ યુગમાં નાગરિકોને સાયબર ફ્રોડથી રક્ષણ આપવા ૧૪ જિલ્લામાં નવા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની ભેટ પણ આપી



। (માહિતી) છોટાઉદેપુર, તા.૨ ।

ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી તા.૩૦-૩૧ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન મહીસાગર, છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ અને વડોદરા જિલ્લાના પ્રવાસે હતા. આ બે દિવસીય પ્રવાસ દરમિયાન મંત્રીશ્રીએ પ્રજાની સુખાકારીમાં વધારો થાય અને પ્રજાનું રક્ષણ કરતા પોલીસ અધિકારી કર્મચારીઓના પરિવારોની સુખાકારીમાં વધારો થાય તેવા અનેક પ્રકલ્પોમાં લોકાર્પણ - ઈ લોકાર્પણ કર્યા છે. આ બે દિવસીય પ્રવાસ દરમિયાન મંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે રૂ.૨૪૪.૫૭ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોમાં લોકાર્પણ કરવામાં આવ્યા છે. એટલું જ નહિ, ડિજીટલ યુગમાં રાજ્યના નાગરિકોને સાયબર ફ્રોડથી રક્ષણ આપવાના ઉદ્દેશ સાથે રાજ્યના ૧૪ જિલ્લામાં નવા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ભેટ પણ આપી છે.

મંત્રીશ્રીએ આ પ્રવાસ દરમિયાન અદ્યતન એસ. ટી બસ સ્ટેન્ડ, સુવિધાસભર પોલીસ આવાસો, નવીન પોલીસ સ્ટેશનના મકાન, નવીન ૫૦ એસ. ટી બસ, જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તેમજ વિવિધ આરોગ્યલક્ષી કાર્યોના લોકાર્પણ તથા ઈ-લોકાર્પણ કર્યું છે. ઉલ્લેખનીય છે કે, વડોદરાના પ્રભારી અને ગૃહ રાજ્ય મંત્રીશ્રી ડેસર તાલુકાના નવા શિહોરા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થઈ રૂ. ૨.૭૩ કરોડના આરોગ્યલક્ષી વિકાસ કામોનું લોકાર્પણ કર્યા બાદ જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્રના સંયુક્ત ઉપક્રમે બાળ આરોગ્યમ કૃશ્ સે કૃષ્ણા તક પ્રોજેક્ટનો પણ તેમણે શુભારંભ કરાવ્યો હતો. તો બીજી તરફ વડોદરા શહેર પોલીસના નવા પોલીસ સ્ટેશન, આવાસોનું લોકાર્પણ કરતી વખતે મંત્રીશ્રીએ ટ્રાફિક પોલીસને ઉનાળામાં ધોમધખતી ગરમીમાં ઓછી ગરમી લાગે તે આશય સાથે એસી હેલ્મેટ અને બાઈક વિતરણ પણ કર્યું હતું.

આ ઉપરાંત મંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા પી.એમ સ્વનિધી યોજનાના લાભાર્થીઓને રૂ.૫૭ કરોડથી વધુના લાભ આપવામાં આવ્યા હતા. એટલું જ નહિ, પ્રધાનમંત્રી આવાસ યોજના તથા અન્ય આવાસ યોજનાના ૬૬૭ આવાસોના ડ્રો કરવામાં આવ્યા હતા.

# શુક્લતીર્થ સ્થિત નમો વડવન ખાતે ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સૂર્યનમસ્કાર કાર્યક્રમ યોજાયો હતો



। (માહિતી) ભરૂચ, તા.૨ ।

સૂર્ય નમસ્કારને વિશ્વસ્તરીય ફલક પર લઈ જવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તથા રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં સૂર્ય નમસ્કાર મહા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે નૂતનવર્ષના પ્રથમ દિવસે તા. ૦૧ જાન્યુઆરીના રોજ રાજ્ય ભરમાં ૧૦૮ સ્થળોએ સૂર્ય નમસ્કાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને અનુલક્ષીને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની કચેરી ભરૂચ અને વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ ભરૂચના આઈકોનિક સ્થળ શુક્લતીર્થ ખાતે અંકલેશ્વર મતવિસ્તારના ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પટેલના અધ્યક્ષ-સ્થાને સૂર્યનમસ્કાર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સૂર્યમંદિર મોઢેરા ખાતેથી યોજાયેલ રાજયકક્ષાના કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેની સાથે સાથે ઉપસ્થિતો દ્નારા સામૂહિક રીતે સૂર્યનમસ્કાર કરવામાં આવ્યા હતાં. રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં મોઢેરાથી ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી તેમજ મુખ્યમંત્રીશ્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી સ્પર્ધકોને સંબોધિત કર્યા હતાં.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ પ્રશિક્ષકો દ્નારા યોગ નિર્દર્શન બતાવ્યું હતુ. આ તકે મંચસ્થ મહેમાનોનું તુલસીના રોપા અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ગામના અગ્રણીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ પ્રશિક્ષકો, શાળાના વિદ્યાર્થીઓ, પોલીસ મિત્રો અને બહોળી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

# સુરતની પીડિત મહિલાઓના જીવનમાં નવી આશાનું કિરણ બનીને આવી અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન

## વર્ષ ૨૦૨૩ દરમિયાન સુરત શહેર-જિલ્લાની ૧૫,૭૦૮ મહિલાઓએ કોલ કરી અભયમ હેલ્પલાઈનની મદદ માંગી




। (માહિતી) સુરત, તા.૨ ।

રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહવિભાગ અને ઈ.એમ.આર. આઈ. ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા તા.૮મી માર્ચ-૨૦૨૧૫ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે રાજ્યવ્યાપી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી હતી, જે આજે પણ અવિરતપણે મહિલાઓની મદદગાર બની રહી છે. મહિલાઓને ઘરેલું હિંસા સહિત વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલીઓ સમયે તાત્કાલિક ધોરણે બચાવ, સલાહ અને માર્ગદર્શન પૂરૂ પાડતી ૧૮૧ સેવા મહિલાઓ માટે સંજીવની સમાન બની છે.

પીડિત મહિલાઓ માટે ૧૮૧ સેવા એક સાચી સાહેલી તરીકે દિન-પ્રતિદિન વિશ્વાસ સંપાદિત કરી રહી છે, ત્યારે વર્ષ ૨૦૨૩ દરમિયાન મહિલા હેલ્પ લાઈનમાં સહાયતા માટે સુરત શહેર-જિલ્લાની ૧૫,૭૦૮ મહિલાઓના કોલ આવ્યા હતા, જેમાં ઘરેલું હિંસાના ૭,૩૦૨, માનસિક હેરાનગતિના ૧,૮૨૧, લગ્નજીવનના વિખવાદોના ૧,૦૬૬, કાનૂની માર્ગદર્શનના ૫૩૨, કસ્ટડી ૨૪૨, અન્ય સબંધને કારણે વિખવાદના ૧,૦૬૬, માલ-મિલકતના ૧૨૪, બિનજરૂરી કોલ મેસેજથી હેરાનગતિના ૩૦૩, મહિલા કર્મચારીના ઈસ્યૂના ૨૨૧, પેરેન્ટીગ બાબતના ૧૫૫, માનસિક અસ્થિરતા અથવા મનોરોગીના ૧૪૧, માનસિક તણાવના ૯૧, સિનીયર સિટીઝનના ૩૫ કોલ આવ્યા હતા, જેમાંથી ૨,૪૪૮ જેટલાં ખાસ કિસ્સામાં અભયમ રેસ્ક્યું વાન સાથે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી મહિલાનો બચાવ અને સહાયતા કરવામાં આવી હતી. જ્યારે બાકીના કિસ્સામાં કાઉન્સેલિંગ કરી જરૂરિયાત મુજબ સરકારી કે અન્ય એજન્સીઓ સાથે સંકલન કરી ૧૮૧ સેવા મદદરૂપ બની છે.

# જિલ્લા કલેક્ટર તુષાર સુમેરાના અધ્યક્ષસ્થાને જાહેર સેવા આયોગની પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ

## ૦૭ મી જાન્યુઆરી ૨૦૨૪ રોજ યોજાનાર પરીક્ષામા ૧૬ પરીક્ષા કેન્દ્રો અને ૧૫૬ બ્લોક ઉપર ૩૭૨૨ ઉમેદવારો હાજરી આપશે



। (માહિતી) ભરૂચ, તા.૨ ।

ભરૂચ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા કલેક્ટર શ્રી તુષાર સુમેરાના અધ્યક્ષસ્થાને ભરૂચ જિલ્લામાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાનાર ગુજરાત વહીવટી સેવા વર્ગ- ૧, ગુજરાત મુલ્કી સેવા- ૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ- ૨ની પ્રિલિમરી પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં, કલેક્ટર શ્રી તુષાર સુમેરા દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ- ૧, ગુજરાત મુલ્કી સેવા- ૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગર પાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ- ૨ની પ્રિલિમરી પરીક્ષાના મુદ્દાઓ અંગે પરીક્ષા સમિતિ સાથે ચર્ચા કરી હતી. તેમણે લાઈઝનીંગ અધિકારીઓને જરૂરી સૂચનો આપી માર્ગદર્શન આપ્યું હતું.

જેમાં આગામી ૦૭ મી જાન્યુઆરી ૨૦૨૪ રોજ પ્રિલિમરી પરીક્ષા યોજાશે. જિલ્લાના ૧૬ પરીક્ષા કેન્દ્રો અને બિલ્ડીંગ, બેઠક વ્યવસ્થા, પોલીસ વિભાગ દ્વારા સ્ટાફની નિમણૂક કરવા માટે, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી દ્વારા પરીક્ષાની કામગીરી માટે સ્ટાફની નિમણુક કરવા બાબત, તે સાથે જ ઝોનલ કચેરીઓ, વીજ પુરવઠો ચાલુ રાખવા બાબત, બસ સુવિધા યોગ્ય રીતે રાખવા બાબત, અને આરોગ્ય અધિકારીશ્રી દ્વારા થતી કામગીરી, તથા પરીક્ષા માટેની બહોળી પ્રસિદ્ધિ કરવાની, તેમજ પરીક્ષા કેન્દ્ર પર સલામતી વ્યવસ્થા જળવાઈ રહે અને સુચારુરૂપે ભૌતિક અને આનુષંગિક તમામ વ્યવસ્થા જળવાઈને પરીક્ષા યોજાય તે માટેના તમામ પ્રકારના જરૂરી સલાહ સૂચનો આપ્યા હતા.

આ મિંટીંગ દરમ્યાન ઉપસ્થિત તકેદારી અધિકારીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, કેન્દ્ર નિયામક, વગેરેને પરિક્ષા પહેલા, પરિક્ષા બાદ તેમજ પરીક્ષા દરમ્યાન રાખવાની તકેદારીઓ, ફરજો વગેરે જેવી તમામ કાર્યપધ્ધતિઓની શિક્ષણ વિભાગના શિક્ષણ નિરીક્ષક શ્રી દીવ્યેશભાઈ પરમાર દ્નારા તાલીમ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે, ભરૂચ જિલ્લામાં તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે અને ૩:૦૦ થી ૦૬:૦૦ એમ બે ભાગમાં પ્રશ્નપત્ર -૧ અને પ્રશ્નપત્ર -૨માં, કુલ ૧૬ પરીક્ષા કેન્દ્રો અને ૧૫૬ બ્લોક ઉપર આ પરીક્ષા યોજાશે તેમજ જિલ્લામાં કુલ ૩૭૨૨ ઉમેદવારો આ લેવાનાર પરીક્ષામાં હાજરી આપશે.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી મયુર ચાવડા, નિવાસી અધિક કલેક્ટરશ્રી એન. આર.ધાંધલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સહિત સંબંધિત અધિકારીશ્રીઓ તેમજ સમિતીના સભ્યો, શાળા સંચાલકો ઉપસ્થિત રહી પરીક્ષા સુચારૂરીતે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો.

# શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં મહીસાગર જિલ્લા કક્ષાનો સૂર્ય નમસ્કાર કાર્યક્મ લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો



માહિતી બ્યૂરો
। મહીસાગર, તા.૨ ।

સૂર્ય નમસ્કારને વિશ્વસ્તરીય ફલક પર લઈ જવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં સૂર્ય નમસ્કાર મહા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આજે નૂતનવર્ષના પ્રથમ દિવસે તા.૦૧ જાન્યુઆરીના રોજ રાજ્યભરમાં ૧૦૮ સ્થળોએ સૂર્ય નમસ્કાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં મહીસાગર જિલ્લાના લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાનો સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરએ જણાવ્યું હતુ કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને સતત કાર્યરત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં લોકો યોગ કરતા થાય, યોગ અંગેની જાગૃતિ કેળવાય, લોકો નિરોગી રહે અને દરેક લોકોને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત થાય તે માટે વર્ષ ૨૦૨૪ના પ્રથમ દિવસે ગુજરાતમાં 'સૂર્ય નમસ્કાર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મોઢેરા સૂર્યમંદિર ખાતે રાજ્ય કક્ષાનો સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન પામવા જઈ રહ્યો છે, ત્યારે સમગ્ર રાજ્ય માટે આ ગૌરવાન્વીત ક્ષણ છે.

# ગુજરાતમાં રોકાણની તકો એક્સપ્લોર કરવા માટે વાઇબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૪માં ધોલેરા ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી પર એક સેમિનારનું આયોજન



। (માહિતી) ગાંધીનગર, તા.૨ ।

ધોલેરા ઈન્ડસ્ટ્રિયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર IAS શ્રી સુપ્રીત સિંહ ગુલાટીએ મંગળવારે જાહેરાત કરી હતી કે ૧૦-૧૨ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન "ધોલેરાઃ અ ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી ફોર સ્માર્ટ બિઝનેસ સેમિનાર"નું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર ૧૦મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ મહાત્મા મંદિરના હોલ નં.૩ ખાતે યોજાશે.

શ્રી સુપ્રીત સિંહ ગુલાટીના જણાવ્યા મુજબ આ ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી સેમિનાર રોકાણ અંગેની ચર્ચાઓને સમજવા અને તેમાં જોડાવા માટે હિતધારકો માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહેશે. સેમિનાર વિશે વિગતો જણાવતા તેમણે કહ્યું કે સેમિનારમાં મુખ્ય સંબોધનો, પ્રેઝન્ટેશન, પેનલ ડિસ્કશન, નોલેજ શેરીંગ, વિચારમંથન અને નેટવર્કિંગ સેશનનો સમાવેશ થાય છે. વધુમાં, સેમિનારમાં નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ સંગઠનો, સંભવિત રોકાણકારો અને વ્યાપારી સંસ્થાઓના ૫૦૦ થી વધુ સહભાગીઓ જોડાશે.

ઈવેન્ટની શરૂઆત ઉદ્ઘાટન સત્ર સાથે થશે, ત્યારબાદ પેનલ ડિસ્કશન અને થિમેટીક સેશન હશે. તેમણે ઉમેર્યું કે ઉદ્ઘાટન સત્રને ધોલેરા ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને રોકાણની સંભાવનાઓ અંગેની રજૂઆત સાથે ભારત સરકાર અને ગુજરાત સરકારના મુખ્ય નિર્ણય લેનારાઓ દ્વારા સંબોધિત કરવામાં આવશે. 'ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટીઝઃ ફ્યુચર ઓફ અર્બનાઈઝેશન' પર યોજાનાર પેનલ ડિસ્કશનમાં શહેરીકરણ અંગે ચર્ચા કરવામાં આવશે. નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ, સરકાર અને ઉદ્યોગ અગ્રણીઓ વધુ પર્યાવરણ-મૈત્રીપૂર્ણ અને આયોજનબદ્ધ શહેરોની સ્થાપના માટે નવીન ઉકેલોની શોધ કરશે.

પેનલ ડિસ્કશન બાદ "ધોલેરાઃ ઈન્ડિયાઝ ફર્સ્ટ સેમિકોન સિટી ઈન મેકિંગ" વિષય પર સત્ર યોજાશે. આ સત્ર ધોલેરામાં ESDM ઉદ્યોગ માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે વિકસિત થવાની સંભાવનાઓનું અન્વેષણ કરશે, ભારત અને વિદેશ બંનેમાંથી ઉદ્યોગસાહસિકોને આકર્ષિત કરશે અને સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ માટે મજબૂત ઈકોસિસ્ટમના વિકાસને પ્રોત્સાહન આપશે. તેમણે જણાવ્યું હતું કે આ સેમિનાર વિશ્વ કક્ષાના સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ સિટી ધોલેરાના માનનીય વડાપ્રધાનના વિઝન અને તેની વિશિષ્ટ વિશેષતાઓ દર્શાવશે, સાથે ધોલેરાની વિશ્વના નકશા પર રોકાણના સૌથી અનુકૂળ સ્થળ તરીકે સ્થાન મેળવવાની સક્ષ્ઁતા દર્શાવશે. તે સેમિકન્ડક્ટર ફેબ, ડિસ્પ્લે ફેબ અને OSAT સુવિધાઓની સ્થાપના માટે મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈકોસિસ્ટમ આવશ્યકતાઓ પર ભાર સાથે ધોલેરાને ભારતના પ્રથમ સેમિકોન તરીકે પણ પ્રદર્શિત કરશે.

તેમણે વધુમાં જણાવ્યુ કે સેમિનાર ઉપરાંત ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટી, ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ અને માંડલ બેચરાજી SIR સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પેવેલિયનના હોલ ૧૦માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શોમાં ભાગ લેશે. ૯ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ યોજાનાર ટ્રેડ શોમાં ધોલેરા SIR ના ફઈ-ટૂર માટે વર્ચ્યુઅલ રિયાલિટી ઝોનની સ્થાપના કરવામાં આવશે.

શ્રી સુપ્રીત સિંહ ગુલાટીએ તમામ સંબંધિત હિતધારકો, ઉદ્યોગ નિષ્ણાતો અને નીતિ નિર્માતાઓને આ સત્રમાં જોડાવા માટે હાર્દિક આમંત્રણ આપીને પોતાની વાતનું સમાપન કર્યું હતું. વધુ વિગતો અને નોંધણી માટે, કૃપા કરીને https://www.vibrantgujarat.com/ની મુલાકાત લો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. હકારાત્મક તથા સહકાર આપનારા મિત્રો સાથે બહાર જાવ. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. તમારા પ્રિયપાત્રની બાહોંમાં તમને આરામ મળશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે. રોમેન્ટિક પગલાં કામ નહીં આવે. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે, પણ માતા-પિતા તરફથી આ બાબતે તમારે મોટા વિરોધનો સામનો કરવા પડશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. તમે લાંબા સમયથી જે મહત્વના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છો તેમાં મોડું થવાની શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય.

# આસામમાં સ્થાયી શાંતિ અને સર્વાંગી વિકાસના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે : અમિત શાહ

**૪૦ વર્ષમાં પ્રથમ વખત ઉગ્રવાદી સંગઠન ઉલ્ફાએ શસ્ત્રો મૂક્યા**





આસામમાં શાંતિ જાળવવાના પ્રયાસમાં એક મોટી સફળતા મળી છે. આસામમાં ૪૦ વર્ષમાં પ્રથમ વખત સશસ્ત્ર ઉગ્રવાદી સંગઠન ઉલ્ફા એ ભારત અને આસામ સરકાર સાથે ત્રિ-પક્ષીય શાંતિ કરાર માટે સહમતિ દર્શાવી છે. આ સાથે જ અમૃતકાળમાં આસામના ઈતિહાસમાં એક નવા યુગની શરૂઆત થવા જઈ રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શન અંતર્ગત આસામ સહિત સમગ્ર નોર્થ-ઈસ્ટમાં હિંસાનો અંધકાર યુગને સમાપ્ત કરવાના પ્રયાસો પૂરજોશમાં ચાલી રહ્યા છે. અમિત શાહની ઉપસ્થિતિમાં ભારત સરકાર, આસામ સરકાર અને ઉલ્ફાની વચ્ચેનો આ ત્રિ-પક્ષીય શાંતિ કરાર સંભવ થઈ શક્યો છે. આ શાંતિ સમજૂતી સાથે નોર્થ-ઈસ્ટના રાજ્યોમાં દાયકાઓથી ચાલી રહેલા ઉગ્રવાદનો અંત આવ્યો છે. નરેન્દ્રભાઈ મોદીજીના શાંતિપૂર્ણ, સુરક્ષિત અને સમૃદ્ધ ઉત્તર-પૂર્વના સ્વપ્રને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ઉઠાવવામાં આવ્યું છે. આસામ લાંબા સમયથી ઉલ્ફા હિંસાથી ઘેરાયેલું હતું અને ૧૯૭૯ થી અત્યાર સુધીમાં ૧૦ હજાર લોકોએ જીવ ગુમાવવો પડ્યો છે.

આતંકવાદને માનવતાનો સૌથી મોટો દુશ્મન ગણનાર અમિત શાહની નીતિઓ અંતર્ગત આસામનું સૌથી જૂનું ઉગ્રવાદી સંગઠન ઉલ્ફા હિંસા છોડી દેવા, સંગઠનને વિખેરી નાખવા અને લોકશાહી પ્રક્રિયામાં સામેલ થવા માટે સંમત થયું છે. ઉલ્ફા સાથેના આ કરાર અંતર્ગત આસામના લોકોનો સાંસ્કૃતિક વારસો અકબંધ રહેશે. શરણાગતિ સ્વીકારનાર ઉલ્ફા કેડરોને સમાજની મુખ્ય ધારામાં જોડવામાં આવશે અને રોજગારના નવા રસ્તાઓ પ્રદાન કરવામાં આવશે. ઉલ્ફાના સભ્યો જેમને સશસ્ત્ર આંદોલનનો માર્ગ છોડી દીધો છે તેઓને મુખ્ય ધારામાં લાવવા માટે મોદી-શાહની જોડી તમામ શક્ય પ્રયાસો કરી રહી છે.

ભારતીય રાજનીતિના ચાણક્ય અમિત શાહ દ્વારા આસામમાં શાંતિને વ્યવસ્થાને લઈને ઉઠાવવામાં આવેલા આ પગલાને આવનારા સમયમાં આસામ સહિત સમગ્ર નોર્થ-ઈસ્ટના વિકાસ માટે ભવિષ્યમાં એક માઈલસ્ટોન સાબિત થશે. આજે અમૃતકાળમાં નોર્થ-ઈસ્ટમાં એક પછી એક સમસ્યાનો કાયમી ઉકેલ મળી રહ્યો છે. આતંકવાદ મુક્ત ભારતના નિર્માણ માટે સમર્પિત અમિત શાહની નીતિઓ હેઠળ અત્યાર સુધીમાં સમગ્ર નોર્થ-ઈસ્ટમાં ૯૦૦૦ થી વધુ કેડરોએ આત્મસમર્પણ કર્યું છે. છેલ્લા ૯ વર્ષોની સિદ્ધિઓના આધાર પર દેશ આજે સુરક્ષિત હાથમાં છે એવું માનવામાં કોઈ સંકોચ નથી.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમિલનાડુનાં તિરુચિરાપલ્લીમાં રૂ. ૨૦,૦૦૦ કરોડથી વધારેનાં મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન, રાષ્ટ્રને સમર્પિત કર્યા અને શિલાન્યાસ કર્યો

**પીએમ મોદીએ કહ્યું, "નવા એરપોર્ટ ટર્મિનલ બિલ્ડિંગ અને અન્ય કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સ તિરુચિરાપલ્લીમાં શરૂ કરવામાં આવ્યા છે, જે આ ક્ષેત્રના આર્થિક પરિદ્રશ્યને સકારાત્મક અસર કરશે"**







। તમિલનાડુ, તા.૨ ।

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં રૂ. ૨૦,૦૦૦ કરોડથી વધારે-ની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. આ વિકાસ પરિયોજનાઓમાં તમિલનાડુમાં રેલ, માર્ગ, તેલ અને ગેસ તથા શિપિંગ ક્ષેત્રો જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

અહિં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ દરેકને નવું વર્ષ ફળદાયી અને સમૃદ્ધ બને તેવી શુભેચ્છા પાઠવી હતી તથા વર્ષ ૨૦૨૪માં તેમનો પ્રથમ જાહેર કાર્યક્રમ તમિલનાડુમાં યોજાઈ રહ્યો હોવાનો આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, અત્યારે રૂ. ૨૦,૦૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટ તમિલનાડુની પ્રગતિને મજબૂત કરશે, કારણ કે તેમણે રોડવેઝ, રેલવે, પોર્ટ, એરપોર્ટ, ઊર્જા અને પેટ્રોલિયમ પાઈપલાઈન્સનાં ક્ષેત્રોને આવરી લેતી વિવિધ પરિયોજનાઓ માટે રાજ્યનાં લોકોને અભિનંદન આપ્યાં હતાં. તેમણે કહ્યું કે આમાંની ઘણી યોજનાઓ મુસાફરીને વેગ આપશે અને રાજ્યમાં હજારો રોજગારની તકો પણ ઉભી કરશે. તમિલનાડુ માટે છેલ્લા ત્રણ મુશ્કેલ અઠવાડિયાનો ઉલ્લેખ કરીએ તો જ્યારે ભારે વરસાદને કારણે ઘણા લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો અને સંપત્તિનું નોંધપાત્ર નુકસાન પણ થયું હતું. પ્રધાનમંત્રીએ પોતાની સંવેદના વ્યક્ત કરી હતી અને એમ પણ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર તમિલનાડુનાં લોકોની સાથે છે. તેમણે કહ્યું હતું કે, "અમે રાજ્ય સરકારને શક્ય તમામ મદદ પ્રદાન કરી રહ્યાં છીએ."

તાજેતરમાં જ અવસાન પામેલા થિરુ વિજયકાંતને શ્રદ્ધાંજલિ આપતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "તેઓ માત્ર સિનેમાના ક્ષેત્રમાં જ નહીં પરંતુ રાજકારણમાં પણ 'કેપ્ટન' હતા. તેમણે પોતાના કામ અને ફિલ્મો દ્વારા લોકોના દિલ જીતી લીધા અને દેશહિતને બધાથી ઉપર રાખ્યું." તેમણે ડૉ. એમ. એસ. સ્વામિનાથનનાં યોગદાનને પણ યાદ કર્યું હતું, જેમણે દેશ માટે ખાદ્ય સુરક્ષામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આગામી ૨૫ વર્ષ માટે આઝાદી કા અમૃત કાલ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં મહત્ત્વ પૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે જ્યારે વિકસીત ભારતની વાત આવે છે, ત્યારે આર્થિક અને સાંસ્કૃતિક એમ બંને પાસાંઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તમિલનાડુ ભારતની સમૃદ્ધિ અને સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "તમિલનાડુ તમિલની પ્રાચીન ભાષાનું ઘર છે અને તે સાંસ્કૃતિક વારસાનો ખજાનો છે." પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, તેમણે ભવ્ય સાહિત્યનું સર્જન કરનારા અન્ય લોકો ઉપરાંત સંત થિરુવલ્લુવર અને સુબ્રમણ્યમ ભારતીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એમ પણ જણાવ્યું હતું કે તમિલનાડુમાં સી વી રમન અને અન્ય વૈજ્ઞાનિકો જેવા વૈજ્ઞાનિક અને તકનીકી મગજ છે, જેઓ જ્યારે પણ રાજ્યની મુલાકાત લે છે ત્યારે તેમનામાં નવી ઊર્જાનો સંચાર કરે છે.

તિરુચિરાપલ્લીના સમૃદ્ધ વારસાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે અહીં અમને પલ્લવ, ચોલા, પંડ્યા અને નાયક રાજવંશ જેવા રાજવંશોના સુશાસનના મોડેલના અવશેષો મળે છે. તેમણે કહ્યું હતું કે, તેઓ તેમની વિદેશ યાત્રાઓ દરમિયાન કોઈપણ પ્રસંગે તમિલ સંસ્કૃતિનો ઉલ્લેખ કરે છે. તેમણે કહ્યું હતું કે, "હું દેશના વિકાસ અને વારસામાં તમિલ સાંસ્કૃતિક પ્રેરણાના પ્રદાનના સતત વિસ્તરણમાં માનું છું." તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, નવી સંસદમાં પવિત્ર સેંગોલની સ્થાપના, કાશી તમિલ અને કાશી સૌરાષ્ટ્ર સંગમમાં થઈ રહી છે, જેનાં પરિણામે સમગ્ર દેશમાં તમિલ સંસ્કૃતિ માટે ઉત્સાહ વધ્યો છે.

પ્રધાનમંત્રીએ છેલ્લાં ૧૦ વર્ષમાં રોડવેઝ, રેલવે, બંદર, એરપોર્ટ, ગરીબો માટેનાં ઘરો અને હોસ્પિટલો જેવા ક્ષેત્રોમાં ભારતનાં જંગી રોકાણ વિશે જાણકારી આપી હતી, કારણ કે તેમણે સરકારનાં ભૌતિક માળખાગત સુવિધા પર ભાર મૂક્યો હતો. તેમણે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે, ભારત વિશ્વની ટોચની ૫ અર્થવ્યવસ્થાઓમાં સામેલ થઈ ગયું છે, જ્યાં તે દુનિયા માટે આશાનું કિરણ બની ગયું છે. સમગ્ર વિશ્વમાંથી ભારતમાં થઈ રહેલા જંગી મૂડી રોકાણોનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તેનો સીધો લાભ તમિલનાડુ અને તેના લોકો લઈ રહ્યા છે, કારણ કે રાજ્ય મેક ઈન ઈન્ડિયા માટે પ્રાઈમ બ્રાન્ડ એમ્બેસેડર બની ગયું છે.

**કિમ જોંગ ઉને કહ્યુ હતુ કે, ૨૦૨૪માં અમે ૩ જાસૂસી ઉપગ્રહ લોન્ચ કરવાના છીએ**

# કિમ જોંગ ઉનની હત્યાનું કાવતરું! પાડોશી સેના કરી રહી છે પ્રેક્ટિસ

**દક્ષિણ કોરિયાના સંરક્ષણ પ્રધાને કહ્યું, હા અમે તેના પર વિચાર કરી રહ્યા છીએ, અમારી સેના યુએસ આર્મી સાથે મળીને કેપિટેશન ડ્રીલ કરી રહી છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સનકી સરમુખત્યારથી માત્ર પરિવારના સભ્યો જ નહીં પરંતુ પડોશી દેશો પણ પરેશાન છે. જ્યારે ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉનની વાત આવે છે, તો વધુ શું કહેવાની જરૂર છે. કિમ દરરોજ પડોશી દેશો પર પરમાણુ હુમલાની ધમકી આપતા રહે છે. વિનાશક શસ્ત્રો લોન્ચ કરતા રહે છે. પરંતુ હવે તેની 'હત્યા'ની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

પાડોશી દેશની સેના 'માથા કાપવાની પ્રેક્ટિસ' કરી રહી છે. આ સનસનીખેજ ખુલાસો બીજા કોઈએ નહીં પરંતુ ઉત્તર કોરિયાના પાડોશી દેશ દક્ષિણ કોરિયાના એક વરિષ્ઠ નેતાએ કર્યો છે. ન્યૂયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ, દક્ષિણ કોરિયાના સંરક્ષણ પ્રધાન શિન વોન-સિકને એક ઈન્ટરવ્યૂ દરમિયાન જ્યારે પત્રકારો દ્વારા પૂછવામાં આવ્યું ત્યારે જણાવ્યું હતું કે, ઉત્તર કોરિયાનો મુકાબલો કરવા માટે સરમુખત્યારની હત્યા એ એક વિકલ્પ છે. હા, અમે આ વિકલ્પ પર



કામ કરી રહ્યા છીએ. અમારી સેના આ માટે ડ્રિલિંગ કરી રહી છે. જો કે, માથું કાપવાની ખુલ્લેઆમ ચર્ચા કરવી મુશ્કેલ છે. પરંતુ હર્મિટ કિંગડમના સર્વોચ્ચ નેતાને હાંકી કાઢવા માટે અમારી પાસે આ વિકલ્પ છે. ઓછામાં ઓછા ૬ વર્ષથી આની ચર્ચા થઈ રહી છે. કિમ જોંગ ઉને વર્ષ ૨૦૨૪ના તેમના પ્લાનના નિવેદન બાદ દક્ષિણ કોરિયાના રક્ષા મંત્રીનું નિવેદન સામે આવ્યું છે. કિમ જોંગ ઉને કહ્યુ હતુ કે, ૨૦૨૪માં અમે ૩ જાસૂસી ઉપગ્રહ લોન્ચ કરવાના છીએ. અમે પરમાણુ હથિયારોમાં વધારો કરીશું. નવા જાસૂસી ઉપગ્રહ લોન્ચ કરીશું. કારણ કે અમને ડર છે કે, ગમે ત્યારે દુશ્મન અમારા દેશ પર હુમલો કરી શકે છે. આ નિવેદન મામલે પત્રકાર શિન વોન-સિકની પ્રતિક્રિયા લઈ રહ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે, આ પ્રશિક્ષણ હવાઈ યુદ્ધાભ્યાસ, પ્રમુખ સુવિધાઓ પર દરોડા અને ઈન્ડોર મોપ-અપ માટે છે. દક્ષિણ કોરિયાના રક્ષા મંત્રીએ કહ્યું કે, આ અભ્યાસમાં અમેરિકન આર્મી પણ અમને સપોર્ટ કરી રહી છે. યુએસ આર્મીના સ્પેશિયલ ફોર્સ અને અમારી સેનાએ પણ ડિસેમ્બરમાં આવી જ કવાયત હાથ ધરી હતી. નોંધનીય છે કે, ઉત્તર કોરિયાએ માર્ચ ૨૦૨૩માં પહેલીવાર દુનિયાને પરમાણુ હથિયાર બતાવ્યા હતા. નિષ્ણાતોનું કહેવું છે કે, તે શસ્ત્રો ભલે નાના હોય પણ તે વિનાશક સાબિત થઈ શકે છે. અમેરિકા અને દક્ષિણ કોરિયામાં પણ ભારે વિનાશ સર્જી શકે છે.

# ડોનાલ્ડ ટ્રમ્પને છેતરપિંડી કેસમાં ૨૫૦ મિલિયન ડોલરનો દંડ થવાની શક્યતા

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે મેનહટન સુપ્રીમ કોર્ટ છેતરપિંડીના એક કેસમાં ચુકાદો આપવાની છે. ટ્રમ્પ પર આ મામલામાં ૨૫૦ મિલિયન ડોલરનો દંડ અને તેમની માલિકીની કંપનીઓ પર ન્યૂયોર્કમાં વેપાર કરવા પર પ્રતિબંધ લાગે તેવી પણ શક્યતાઓ છે. મેનહટન સુપ્રીમ કોર્ટના જજ આર્થર એંગોરન આ મામલામાં ચુકાદો આપવાના છે. તેમણે કહ્યુ હતુ કે, જાન્યુઆરીના અંત સુધીમાં કોર્ટ પોતાનો નિર્ણય આપે તેવી શક્યતા છે. આ મામલામાં ટ્રમ્પ સામે લોન લેવા માટે અને ઈન્સ્યોરન્સની શરતો પૂરી કરવા માટે પોતાની સંપત્તિના વેલ્યુએશનના આંકડા વધારીને રજૂ કરવાનો આરોપ લાગેલો છે. ન્યૂયોર્કના એટોર્ની જનરલ લેટિટિયા જેમ્સ દ્વારા આ કેસમાં ટ્રમ્પના બે સૌથી મોટા પુત્રો એરિક અને ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર પર પણ આરોપ લગાવવામાં આવ્યા છે. આ કેસની સુનાવણી ૨ ઓક્ટોબર, ૨૦૨૩થી શરુ થઈ હતી. હવે આખરી દલીલો માટે આ કેસની ફરી કોર્ટમાં સુનાવણી થશે. જજ એંગોરને પહેલા જ કહ્યુ છે કે, ટ્રમ્પ દ્વારા છેતરપિંડી કરવામાં આવી છે પણ દંડ કેટલો કરવો તેના પર નિર્ણય લેવાયો નથી.

**વિશેષ** | ગુજરાત સહિત વિવિધ રાજ્યોના ફાઈન આર્ટ્સના વિદ્યાર્થીઓ તેમજ શિલ્પકારોને તેમની કળા-પ્રતિભા દર્શાવવા તા. ૧૨ જાન્યુઆરી સુધી 'શિલ્પોત્સવ' યોજાશે

# VGGS-2024ના ભાગરૂપે ગાંધીનગર ખાતે સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેઈનીંગ ઇનસ્ટિટ્યુટ દ્વારા છઠ્ઠા રાષ્ટ્રીય કક્ષાના સ્કલ્પચર સિમ્પોઝિયમ 'જીવંત શિલ્પ'નું આયોજન કરવામાં આવ્યું

। (માહિતી) ગાંધીનગર ।

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ : **VGGS-2024**ના ભાગરૂપે કમિશનરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજની કચેરી સંચાલિત સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેઈનીંગ ઈનસ્ટિટ્યુટ દ્વારા ગાંધીનગર ખાતે છઠ્ઠા રાષ્ટ્રીય કક્ષાના સ્કલ્પચર સિમ્પોઝિયમ 'જીવંત શિલ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ 'જીવંત શિલ્પ' સિમ્પોઝીયમમાં રાઈઝિંગ ઈન્ડિયા, માનવ આત્માની શક્તિ, યોગ, આધ્યાત્મિકતા, પર્યાવરણીય જાગૃતિ, ટેકનોલોજી અને આધ્યાત્મિકતાને એકીકૃત કરતી થીમ નક્કી કરવામાં આવી છે.

અગાઉના સિમ્પોઝિયમના ઉત્કૃષ્ટ પરિણામોના આધારે સાપ્તી દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત ઈવેન્ટના ભાગરૂપે ગાંધીનગર ખાતે સ્ટોન સ્કલ્પચર સિમ્પોઝિયમ 'જીવંત શિલ્પ'-શિલ્પોત્સવનું તા.૨૩ ડીસેમ્બર-૨૦૨૩ થી તા.૧૨ જાન્યુઆરી-૨૦૨૪ સુધી આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી ફાઈન આર્ટ્સના વિદ્યાર્થીઓ, ઉભરતા શિલ્પકારો, વરિષ્ઠ અને પ્રતિષ્ઠિત શિલ્પકારોને તેમની કળા અને પ્રતિભા દર્શાવવા મંચ ઉપલબ્ધ કરાવવામાં આવશે. સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેઈનીંગ ઈનસ્ટિટ્યુટ (સાપ્તી) દ્વારા ગુજરાતના શિલ્પકળાની જાળવણીના સતત પ્રયાસોના ભાગરૂપે, પથ્થર કળા અને શિલ્પોની સદીઓ જુની પરંપરા જીવંત રાખવા શ્રી આરાસુરી માં અંબાજી દેવસ્થાન ખાતેના સાપ્તી અંબાજી કેન્દ્ર પર શિલ્પકળા માટેની અનોખી શ્રૃંખલા "શિલ્પોત્સવ" હેઠળ રાષ્ટ્રીય કક્ષાના ૦૪ અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ૦૧ સિમ્પોઝિયમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં ભાઈજીપુરા ચોકડી નજીક, પીડીપીયુ રોડ, રાયસણ ખાતે સવારે ૧૦.૦૦ થી સાંજના ૬:૦૦ કલાક સુધી આયોજિત આ શિલ્પોત્સવ રાજ્યની કલા ચાહક વર્ગ અને જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે જેનો મહતમ લાભ લેવા સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેઈનીંગ ઈનસ્ટિટ્યુટ દ્વારા અનુરોધ કરાયો છે.

ઉલ્લેખનીય છે કે,રાજ્યના પથ્થરકળા ઉદ્યોગમાં રહેલી વિપુલ સંભાવનાઓનો ઉપયોગ કરી શિલ્પ કામના મૂલ્યવાન વારસાને આગળ ધપાવવા વર્ષ ૨૦૦૩ની ગુજરાત ખનીજ નીતિ હેઠળ વર્ષ ૨૦૦૯માં કમિશનર, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સાધનોથી સુસજ્જ સ્ટોન આર્ટીઝન પાર્ક ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ (સાપ્તી)ની અંબાજી અને ધ્રાંગધ્રા ખાતે સ્થાપના કરવામાં આવેલ. ઉત્તર ગુજરાતમાં સાપ્તી-




અંબાજી ખાતે માર્બલ (આરસ) પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. જ્યારે, સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ સાપ્તી-ધ્રાંગધ્રા ખાતે સેન્ડસ્ટોન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

વધુમાં સાપ્તીનો હેતુ સેન્ડસ્ટોન તથા માર્બલ-આરસ પથ્થરની કળા અને ડિઝાઈનની કુશળતા વિકસાવવા માટે દેશની કળા સંસ્થાઓ અને સમુદાયોમાં શ્રેષ્ઠ સંસ્થા બનવાનું છે. સાપ્તી કૌશલ્ય નિર્માણ અને જ્ઞાન-સર્જનની ગતિશીલ પ્રક્રિયાને કેળવવા માંગે છે. જેથી,ઉદ્યોગ સાહસિકતાના વિકાસ અને ખાસ કરીને દેશભરના ગ્રામીણ લોકો માટે રોજગાર સર્જનમાં નિર્ણયાત્મક ફાળો આપી શકાશે તેમજ પથ્થર આધારિત કળા અને શિલ્પ કારીગરીના વ્યવસાયમાં અગ્રિમ હરોળનું રાજ્ય બનીને દેશના વિકાસમાં યોગદાન આપશે.

## ભાગળ ગામમાં ૨ દિવસમાં પથી વધુ પશુઓના અચાનક મોત થયા

। (એજન્સી) પાલનપુર, તા.૨ ।

બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના ભાગળ (પીપળી) ગામે છેલ્લા ૨ દિવસમાં અંતરભાઈ નામના પશુપાલકના એક જ વાડામાં ૫ પશુઓના મોત નીપજી જતા ચકચાર મચી છે. જોકે આજે વહેલી સવારે એક પશુનું મોત નીપજતા વાડાના માલીક દ્વારા ઘટનાની જાણ ડેરીની વિઝીટ વાનને કરાઈ હતી. અને તેને પગલે બનાસ ડેરીની વિઝીટ ઘટના સ્થળે પહોંચી તો પશુનું મોત ખરવા - મોવાસા રોગને કારણે નીપજ્યું હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું હતું. તો આજ વાડામાં હજુ પણ ૮-૯ પશુઓ ખરવા - મોવાસા રોગનો ભોગ બનેલા હોવાનું સામે આવતા જ હડકંપ મચ્યો છે. પશુપાલક અંતરભાઈએ જણાવ્યું કે, આ રોગથી મારા ૫ પશુઓ મરી ગયા છે અને હજુ ૮-૧૦ પશુઓ આ રોગની ઝપેટમાં છે. તો અન્ય પશુપાલક સુલતાનભાઈએ જણાવ્યું કે, અમારા વિસ્તારમાં ૫૦૦ થી વધુ પશુ આ રોગની ઝપેટમાં છે. ખારવા મોવાસાના રોગને કારણે પશુઓના મોત થઈ રહ્યા છે જોકે ડેરી કે પશુપાલન વિભાગ બેદરકારી દાખવી રહ્યું છે. મહત્વની વાત છે કે બે દિવસમાં અંતર ભાઈના વાડામાં જ પાંચ જેટલા પશુઓના મોત નીપજ્યાં છે તો સાથે જ તેમના વાડામાં બાંધેલા ૮ થી નવ પશુઓ ખરવા- મોવાસાના ભોગ બન્યા છે. જોકે સ્થાનિકોના જણાવવા અનુસાર ભાગળ સહીત આસપાસના અનેક ગામો મળી આ વિસ્તારમાં ૫૦૦થી વધુ પશુઓ ખરવા - મોવાસા રોગના ભોગ બન્યા હોવા છતાં પશુપાલન વિભાગ દ્વારા કોઈપણ જાતનો સર્વે ન કરાતા સ્થાનિકોમાં રોસ ભભૂકી ઉઠ્યો છે.




સાબરમતી રિવરફ્રન્ટમા પતંગ મહોત્સવની ચાલી રહેલ તૈયારી જેમા ગેટને પતંગથી બનાવી રહ્યા છે ત્યારે બીજી તસ્વીરમાં ઉજવનાર પતંગ મહોત્સવ માટે પતંગને ચગાવીને પ્રેક્ટિસ કરી રહ્યા છે.

### તમામ ડિરેક્ટરો બિનહરીફ ચૂંટાયા

## થરાદ માર્કેટ યાર્ડના બોર્ડ ઓફ ડિરેક્ટરોની ચૂંટણી ટળી

### બીજી બાજુ દિયોદરના માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા તસ્કરોએ સાત દુકાનના તાળાં તોડી ૪.૬૫ લાખની રોકડ રકમ ચોરી કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

બનાસકાંઠામાં થરાદ માર્કેટયાર્ડમાં બોર્ડ ઓફ ડિરેક્ટરોની ચૂંટણી ટળી ગઈ છે. વધારાના તમામ ફોર્મ પરત ખેંચાતા તમામ ડિરેક્ટરો બિનહરીફ ચૂંટાયા હતા. મળતી જાણકારી અનુસાર, થરાદ માર્કેટયાર્ડમાં ૮ તારીખે યોજાનાર બોર્ડ ઓફ ડિરેકટરોની ચૂંટણી ટળી હતી. ફોર્મ પરત ખેચવાને અંતિમ દિવસે વધારાના તમામ ફોર્મ પરત ખેંચાઈ જતા ડિરેકટરો બિનહરીફ ચૂંટાયા હતા. ત્રણેય વિભાગોની ૧૬ બેઠકો માટે કુલ ૬૮ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. પરંતુ ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે તમામ ફોર્મ પરત ખેંચાઇ જતા આખુ બોર્ડ ઓફ ડિરેક્ટર બિન હરિફ જાહેર થયું હતું. માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેન અને સાંસદ પરબત પટેલની જગ્યાએ આ વખતે તેમના પુત્ર અને બનાસ બેક્નના ડિરેકટર શૈલેષ પટેલ પણ ખેતીવાડી વિભાગમાંથી બિનહરીફ ચૂંટાયા હતા. બનાસકાંઠાના દિયોદરના માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા તસ્કરોએ સાત દુકાનના તાળાં તોડી ૪.૬૫ લાખની રોકડ રકમ ચોરી કરી હતી. જેને લઈ વેપારીઓએ પોલીસ ફરીયાદ નોંધાવી હતી. જોકે હજુ સુધી તસ્કરો ન પકડાતાં વેપારીઓમાં આક્રોશ ફેલાયો છે. જેને લઈને છેલ્લા ૫ દિવસથી વેપારીઓ પોતાના ધંધા રોજગાર બંધ રાખીને જ્યાં સુધી આરોપીઓ ન પકડાઈ ત્યાં સુધી હડતાળ ઉપર ઉતર્યા છે. જેના કારણે વેપારીઓ અને ખેડૂતોને નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. દિયોદર નવીન માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં શિવ ટ્રેડસ સહિત સાત દુકાનોના તાળા તોડી દુકાનોમાં રહેલા ૪.૬૫ લાખની રોકડ રકમની ચોરી કરી પલાયન થઇ ગયા હતા.

### બુટલેગરોની અજીબ તરકીબ

## વલસાડમાં ઘાસના પુડાની આડમાં દારૂની હેરાફેરી ઝડપાઇ

। (એજન્સી) વલસાડ, તા.૨ ।

રાજ્યના પડોશમાં આવેલા સંઘપ્રદેશ દમણમાંથી ગુજરાતમાં દારૂની હેરાફેરી માટે બુટલેગરો અવનવી તરકીબો અજમાવે છે. ત્યારે આજે બુટલેગરોની વધુ એક તરકીબને વલસાડ જિલ્લા એલસીબી પોલીસે ખુલ્લી પાડી છે. આ વખતે વલસાડ નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પરથી પોલીસે ઘાસની આડમાં લાખો રૂપિયાના વિદેશી દારૂની હેરાફેરી કરતા એક ટેમ્પોને ઝડપી પાડ્યો હતો. કાર્યવાહીમાં પોલીસે પાંચ લાખના વિદેશી દારૂ સાથે એક આરોપીની પણ ધરપકડ કરી છે અને તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વિગત મુજબ વલસાડ જિલ્લા એલસીબી પોલીસને મળેલી બાતમીને આધારે પોલીસની ટીમ વલસાડ નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર વોચમાં હતી. એ દરમિયાન પીરુ ફળિયા નજીકથી પૂર ઝડપે પસાર થઈ રહેલા એક ટેમ્પોને રોક્યો હતો. અંદર તપાસ કરતા બહારથી જોતા ટેમ્પોમાં ઘાસ ભર્યું હતુઆથી કાંઈ વાંધાજનક દેખાઈ રહ્યું ન હતું .પરંતુ પોલીસને મળેલી પાક્કી બાતમીને આધારે પોલીસે ઘાસના પુડીયા હટાવી તપાસ કરતાં અંદરથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જ ટેમ્પ ામાંથી ઘાસના પુડીયાની નીચે છુપાવેલો અંદાજે પાંચ લાખની કિંમતનો ૮૩ પેટી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેને કબ્જે કરી પોલીસે મહારાષ્ટ્રના અરુણ રાવ નામના આરોપી ચાલકની ધરપકડ કરી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અત્યારે પોલીસે અંદાજે પાંચ લાખના વિદેશી દારૂનો જથ્થો અને ટેમ્પો મળી કુલ ૨૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી દારૂ ક્યાંથી ક્યાં લઈ જવામાં આવી રહ્યો હતો? તે અંગે પણ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. મહત્વપૂર્ણ છે કે દમણ, દાદરા નગર હવેલી અને મહારાષ્ટ્રમાં દારૂની છૂટ છે. જોકે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂના ધંધામાં મોટી કમાણી હોવાના કારણે બુટલેગરો દારૂની હેરાફેરી માટે અવનવી તરકીબો અજમાવે છે. જોકે પોલીસના બાતમીદારોનું નેટવર્ક સક્રિય હોવાથી વલસાડ એલસીબી પોલીસ દ્વારા વધુ એક વખત બુટલેગરોની આ ચાલાકીને ખુલ્લી પાડી લાખો રૂપિયાના વિદેશી દારૂ ઝડપી આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી છે.

## ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલની તંગી નહીં સર્જાય : પેટ્રોલ પંપ એસોસિએશ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

કેન્દ્ર સરકારના નવા હિટ એન્ડ રન કાયદાનો દેશભરમાં વિરોધ યથાવત છે. લાખો ટ્રકોના પૈડા થંભી ગયા છે, તો ડ્રાઈવરો રસ્તા પર ઉતરીને આક્રમક આંદોલન તરફ વળ્યા છે. ત્યારે ટ્રક ચાલકોની હડતાળથી ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલની તંગી નહીં સર્જાય. પેટ્રોલ પંપ એસોસિએશને ગ્રાહકોને ધ્યાને રાખી આ જાહેરાત કરી છે. તેમણે જણાવ્યુ કે ગુજરાતમાં પેટ્રોલના વેચાણમાં અસર નહીં થાય. ગુજરાત પેટ્રોલિયમ એસોસિએશન પ્રમુખ અરવિંદ ઠક્કરના જણાવ્યા અનુસાર ફેડરેશન પાસે પૂરતો જથ્થો હોવાથી પેટ્રોલિયમ પેદાશની અછત નહીં વર્તાય. ટ્રક ડ્રાઈવરોની હડતાળથી ટ્રાન્સપોર્ટેશનને અસર થઈ છે, જો કે લોકો પરેશાન થઈ લાઈનો ના લગાવે, કેમ કે ગુજરાતમાં હડતાળના પગલે કોઈ અછત નહીં સર્જાય.

## મહેસાણામાં પૂરઝડપે બુલેટ હંકારી થાંભલાને અથડાતા યુવકે જીવ ગુમાવ્યો

। (એજન્સી) મહેસાણા, તા.૨ ।

મહેસાણા શહેરમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી કરીને પરત ફરી રહેલા એક યુવક બુલેટ લઈને હોર્ડિંગ્સના થાંભલા સાથે અથડાયો હતો. અકસ્માતમાં યુવકનું મોત નિપજ્યુ હતુ હતું. ખૂબ જ ઝડપી ગતિએ બુલેટ હંકારતા અકસ્માત સર્જાતા યુવકનો હાથ કપાઈ ગયો હતો. બુલેટ પર સવાલ અન્ય યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.મહેસાણા શહેરમાં થર્ટી ફર્સ્ટની રાત્રીએ એક યુવકે ઝડપી બાઈક હંકારવાને લઈ મોતને ભેટ્યો છે. મિત્રનું બુલેટ બાઈક લઈને યુવક થર્ટી ફર્સ્ટની પાર્ટી માણવા માટે ગયો હતો. જ્યાંથી મોડી રાત્રી દરમિયાન પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન હોર્ડિંગ્સના થાંભલા સાથે બુલેટ બાઈક લઈને પૂરઝડપની ગતિએ અથડાયો હતો જેમાં યુવકનું મોત નિપજ્યુ હતુ.

## સુરેન્દ્રનગરના રામગઢ ગામના ખેડૂતોનો વીજ વિભાગ સામે વિરોધ નોધાવ્યો

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨ ।

સુરેન્દ્રનગરના રામગઢ ગામના ખેડૂતોનો વીજ વિભાગ સામે વિરોધ નોધાવ્યો છે. તો વીજ વિભાગની કચેરીમાં જ ખેડૂતોએ ખોટી રીતે દંડ ફટકાર્યો હોવાથી વિરોધ કરવામાં આવ્યો છે. ૮૫ ખેડૂતને ખોટી રીતે વીજ ચોરીનો દંડ ફટાકર્યો હોવાની વાતને લઈને વિરોધ કરવામાં આવ્યો છે. સુરેન્દ્રનગરના રામગઢ ગામના ખેડૂતોનો વીજ વિભાગ સામે વિરોધ નોધાવ્યો છે. તો વીજ વિભાગની કચેરીમાં જ ખેડૂતોએ ખોટી રીતે દંડ ફટકાર્યો હોવાથી વિરોધ કરવામાં આવ્યો છે. તો ૮૫ ખેડૂતને ખોટી રીતે વીજ ચોરીનો દંડ ફટાકર્યો હોવાની વાતને લઈને વિરોધ કરવામાં આવ્યો છે. થોડા સમય પહેલા ખોટી રીતે ૧ કરોડનો દંડ ખેડૂતોને આપવામાં આવ્યો હતો. ખેડૂતોએ ખોટી રીતે દંડ આપ્યાની રજુઆત બાદ તપાસમાં ખુલાસાઓ થયા હતા કે વીજ વિભાગના અધિકારીઓ ઓફિસમાં બેસી ખેડૂતોના દંડ નક્કી કરતાં હોવાનું સામે આવ્યું છે. વીજ વિભાગની તપાસ બાદ ૧ કરોડના દંડની રકમ ઘટાડી અને ૨૬ લાખ કરી હતી.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨